2010

# રઢિયાળી રાતના રાસ ગરબા

## 70 રાસ ગરબાઓનો અનેરો ઈ-સંગ્રહ



http://aksharnaad.com

10/7/2010

## ઈ-પુસ્તિકા પ્રકાશન વેળાએ.....

75મી મેઘાણી જયંતિના અવસરે 1972માં 'રઢિયાળી રાતના રાસ' નામની 35 લોકગીતોની પુસ્તિકા બહાર પડી , તેની હજારો નકલોનો ફેલાવો થયો. એ પુસ્તિકાનું આ ઈ-પુનર્મુદ્રણ કરવાની તક અક્ષરનાદને મળી તે બદલ શ્રી મહેન્દ્રભાઈ મેઘાણીને યશ આપવો રહ્યો. તો એને ટાઈપ કરીને મોકલવાની સઘળી મહેનત વાપીના ગોપાલભાઈ પારેખ (http://gopalparekh.wordpress.com) ની એટલે આ પ્રક્રિયાના ધારક તેઓ છે. તો અક્ષરનાદના સંપાદક અને મારા પત્નિ પ્રતિભા અધ્યારૂને એમાં સુધારા – વધારા અને ગોઠવણી તથા ઈ પુસ્તક સ્વરૂપ આપવા બદલ અભિનંદન પાઠવવા કદાચ પોતાને થાબડ્યા જેવું થાય. આ રઢિયાળી રાતના રાસ સાથે અન્ય કેટલાક પ્રચલિત ગરબાઓ , વિશ્વંભરી સ્તુતિ અને જય આદ્યાશક્તિ આરતી સાથે કુલ ૭૦ નો આંકડો પહોંચ્યો છે.

આજે નવરાત્રી અને ગરબાનો આખો અર્થ ધરમૂળથી બદલાઈ ગયો છે. જૂના પરંપરાગત ગરબાઓનું સ્થાન ફિલ્મી ગીતો અને સંકર શબ્દોએ લીધું છે ત્યારે આપણી માટીની સોડમ તેના જૂના અને પ્રતિભાવંત ગૌરવને જાળવી શકે એ જોવાની આપણા સૌની ફરજ છે. અને તેને માણવાની અને મહાલવાની આપણી ધરોહર છે. આજે જ્યારે નવરાત્રી શરૂ થઈ રહી છે ત્યારે આ ઈ-પુસ્તક સમયસરની ભેટ બની રહેશે એવી આશા છે. આ પુસ્તકમાં સમાવિષ્ટ ત્રણ ગરબા અહીં લીધાં છે.

- સંપાદક

જીજ્ઞેશ અધ્યારૂ

# રઢિયાળી રાતના રાસ-ગરબા

1. રાધાજીનાં ઊંચા મંદિર, નીચામો'લ,
2. મારી સાહેલીનું બેડલું
3. મેંદી તે વાવી માળવે,
4. બાર બાર વરસે આવિયો,
5. વેલ્યું છૂટિયું રે, વીરા !
6. ગામમાં સાસરું ને ગામમાં પી'રિયું
7. પગલીનો પાડનાર દ્યોને, રન્નાદે !
8. આંબુ જાંબુની છાંય રે, મા'દેવજી !
9. બાળુડો જોગી
10. મોરબીની વાણિયાણ
11. સોનલ ગરાસણી
12. શેરી વળાવી સજ કરું, ઘરે આવો ને !
13. આજ મારે વલોણા-વાર છે રે લોલ.
14. રે કાનુડા !
15. હાં રે રથ ફેરો, ગોકુળ રથવાળા !
16. આજ રે સ્વપનામાં મેં તો ડોલતો ડુંગર દીઠો જો,
17. રામ ને સીતા વાદ વદે,
18. કુંજલડી રે સંદેશો અમારો
19. ડોલરિયો દરિયાપાર
20. ઢોલે રમું ને હરિ સાંભરે રે.
21. લીલી નાઘેરમાં

22. ઝૂલણ મોરલી વાગી રે, રાજાના કુંવર !

23. ગરવાને માથે

24. ઘડી ન વીસરે રામ

25. જળદેવતાને બલિદાન

26. ઉગમણી ધરતીના, દાદા ! કોરા કાગળ આવ્યા રે,

27. લવિંગ કેરી લાકડીએ

28. ભવના અબોલા

29. બંગલા ફક્કડ બનાયા

30. નૈ જાવા દઉં ચાકરી રે

31. સૈયર, મેંદી લેશું રે !

32. જોબનિયું કાલ્ય જાતું રે'શે !

33. ચાંદો ઊગ્યો ચોકમાં, ઘાયલ !

34. કાન ! તારી મોરલીએ

35. ઊભા રો', રંગ રસિયા !

36. મા તું  પાવાની પટરાણી

37. રંગતાળી

38. ખમ્મા મારા નંદજીના લાલ !

39. રંગલો જામ્યો કાલિંદીને ઘાટ,

40. ગલાલ વહુ

41. મા ગરબે ઘૂમવા આવોને,

42. છેલાજી રે,

43. છાનું રે છપનું

44. તાલીયોના તાલે

45. હે તને જાતાં જોઇ પનઘટની વાટે

46. નવી રે વહુના હાથમાં રૂમાલ !

47. કેસરિયો રંગ તને લાગ્યો રે

48. અંબા આવો તો રમીએ

49. મા પાવા તે ગઢથી ઊતર્યા

50. મારી મહિસાગરની આરે ઢોલ વાગે છે.

51. સોના વાટકડી રે કેસર ઘોળ્યાં, વાલમિયા

52. જનનીની જોડ સખી ! નહિ જડે રે લોલ.

53. મને કેર કાંટો વાગ્યો. હાં કે રાજ !

54. કાનકુંવરની ઝૂલડી

55. મારી શેરીએથી કાન કુંવર આવતા રે લોલ,

56. સીતાને દરબાર

57. નંદલાલ, નહીં રે આવું

58. મોરલી ચાલી રંગ રૂસણે રે

59. નદી કિનારે નાળિયેરી

60. બહુચર માના દહેરા પાછળ

61. કા'નો રમે છે મારી કેડમાં,

62. રાજલ મારવાડી

63. કાગળિયા લખી લખી થાકી

64. મારે ટોડલે બેઠો

65. માનો ગરબો રે

66. માં અંબા તે રમવા નીસર્યા

67. તારા વિના શ્યામ મને ....

68. માએ ગરબો કોરાવ્યો ગગન ગોખમાં

69. વિશ્વંભરી સ્તુતિ

70. જય આદ્યા શક્તિ

## 1. રાધાજીનાં ઊંચા મંદિર, નીચામો'લ

[ગરબા ગાવાના સ્થળનું વર્ણન :ગાવા આવનારીઓનું સૌંદર્ય: એક પછી એક સાહેલીનાં મધુર શબ્દ ચિત્રો]

રાધાજીનાં ઊંચા મંદિર, નીચામો'લ,

ઝરૂખડે દીવા બળે રે લોલ.

રાધા ગોરી ! ગરબે રમવા આવો,

સાહેલી સહુ ટોળે વળે રે લોલ.

ત્યાં છે મારા [1]રૂપસંગભાઇની ગોરી,

હાથડીએ હીરા જડ્યા રે લોલ.---રાધા ગોરી...

ત્યાં છે મારા માનસંગભાઇની ગોરી,

પગડીએ પદમ જડ્યાં રે લોલ.---રાધા ગોરી...

ત્યાં છે મારા ધીરસંગભાઇની ગોરી,

મુખડલે અમી ઝરે રે લોલ.--- રાધા ગોરી....

રાધાજીનાં ઊંચાં મંદિર, નીચા મો'લ,

ઝરૂખડે દીવા બળે રે લોલ.

*- 1 - જુદાં જુદાં નામ લઇને ફરી ફરી આ કડીઓ ગવાય છે.*

## 2. છલકાતું આવે બેડલું

[આ ગરબા લેનારીઓને પોતાનાં ગામની સમાજરચનાનું કેટલું તીવ્ર ભાન હતું તે આ રાસમાંથી જોવાય છે. પોતાનો એક ગરબો તૈયાર કરવા માટે એ ગામના બધા કારીગર 'વીરા'ઓને બોલાવે છે. આ રીતે સુતારથી માંડી ગામના સમસ્ત કારીગર સમાજને હાથે તૈયાર થતાં એ માંડવી અને એ ગરબો પરસ્પર સંકળાયેલા આખા સમાજજીવનનાં પ્રતીકો હતાં]

છલકાતું આવે બેડલું ,

મલકતી આવે નાર રે, મારી સાહેલીનું બેડલું

છલકાતું આવે બેડલું.

મારા ગામના સુતારી રે, વીરા ! તમને વીનવું,

મારી માંડવડી ઘડી લાવો રે, મારી સાહેલીનું બેડલું--

મારા ગામના લુહારી રે, વીરા ! તમને વીનવું,

મારી માંડવડી મઢી લાવો રે, મારી સાહેલીનું બેડલું--

છલકાતું આવે બેડલું.

મારા ગામના રંગારી રે, વીરા ! તમને વીનવું,

મારી માંડવડી રંગી લાવો રે, મારી સાહેલીનું બેડલું—

છલકાતું આવે બેડલું.

મારા ગામના કુંભારી રે, વીરા ! તમને વીનવું,

મારે ગરબે કોડિયાં મેલાવો રે, મારી સાહેલીનું બેડલું--

છલકાતું આવે બેડલું.

મારા ગામના પિંજારી રે, વીરા ! તમને વીનવું,

મારા ગરબે દિવેટ મેલાવો રે, મારી સાહેલીનું બેડલું—

છલકાતું આવે બેડલું.

મારા ગામના ઘાંચીડા રે, વીરા ! તમને વીનવું,

મારે ગરબે દિવેલ પુરાવો રે, મારી સાહેલીનું બેડલું--

છલકાતું આવે બેડલું.

મારા ગામના મોતીઆરા રે, વીરા ! તમને વીનવું,

મારો ગરબો ભલેરો શણગાર રે, મારી સાહેલીનું બેડલું--

છલકાતું આવે બેડલું.

મારા ગામની દીકરિયું રે, બેની ! તમને વીનવું,

મારો ગરબો ભલેરો ગવરાવો રે, મારી સાહેલીનું બેડલું--

છલકાતું આવે બેડલું.

મારા ગામની વહુઆરુ રે, ભાભી ! તમને વીનવું,

મારો ગરબો ભલેરો ઝીલાવો રે, મારી સાહેલીનું બેડલું--

છલકાતું આવે બેડલું.

## ૩. મેંદી તે વાવી માળવે

[ભોજાઇને સુંદર બનાવવા દિયરના મનોરથ હશે. પણ પ્રેમાળ નારી પોતાના કંથની ગેરહાજરીમાં મેંદી વડે હાથ રંગીને કોને દેખાડે ? સતીના શણગાર તો પતિને ખાતર જ હોય. પતિ સાંભર્યો.વિધવિધ બહાનાં આપી તેડાવ્યો. પણ ભાઇબહેનનાં લગ્નની કે માતાના મોતની એ યુદ્ધઘેલડા પરદેશીને બહુ તાણ નથી. છેલ્લા ખબર ફક્ત માનેતીની આંખો જ દુ:ખવાના પહોંચે છે. એટલે પછી તો એનું હૈયું હાથ રહેતું નથી. એ પાછો આવે છે.]

મેંદી તે વાવી માળવે,

એનો રંગ ગિયો ગુજરાત, મેંદી રંગ લાગ્યો રે.

નાનો દેરીડો લાડકો ને

કાંઇ લાવ્યો મેંદીના છોડ. - મેંદી રંગ લાગ્યો રે.

વાટી ઘૂંટીને ભર્યા વાટકા,

ભાભી ! રંગો તમારા હાથ. - મેંદી રંગ લાગ્યો રે.

હાથ રંગીને, દેરી ! શું રે કરું,

એનો જોનારો પરદેશ. - મેંદી રંગ લાગ્યો રે.

લાખ ટકા આલું રોકડા,

કોઇ જાવ જો દરિયાપાર. - મેંદી રંગ લાગ્યો રે.

શોક્યના સાયબાને જઇ એટલું કે’જો,

તારી બેની પરણે, ઘરે આવ્ય. - મેંદી રંગ લાગ્યો રે.

બેની પરણે તો ભલે પરણે,

એની ઝાઝા દી રોકજો જાન. - મેંદી રંગ લાગ્યો રે.

શોક્યના સાયબાને જઇ એટલું કે'જો,

તારો વીરો પરણે ઘરે આવ્ય. - મેંદી રંગ લાગ્યો રે.

વીરો પરણે તો ભલે પરણે,

એની જાડેરી જોડજો જાન. - મેંદી રંગ લાગ્યો રે.

શોક્યના સાયબાને જઇ એટલું કે'જો,

તારી માડી મરે, ઘરે આવ્ય. - મેંદી રંગ લાગ્યો રે.

માડી મરે તો ભલે મરે,

એને બાળજો બોરડી હેઠ. - મેંદી રંગ લાગ્યો રે.

શોક્યના સાયબાને જઇ એટલું કે'જો,

તારી માનેતીની ઊઠી આંખ. - મેંદી રંગ લાગ્યો રે.

હાલો સિપાઇઓ, હાલો ભાઇબંધીઓ !

હવે હલકે બાંધો હથિયાર, - મેંદી રંગ લાગ્યો રે.

## 4. બાર બાર વરસે આવિયો

*નો દીઠી*

[બાર વરસે રજપૂત ઘેર આવે છે. મેડીમાં ઝોકાર દીવો બળે છે. પણ પાતળી પરમાર ક્યાં ? પોતાની પત્ની ક્યાં? માતાએ બહુ બહુ બહાનાં બતાવ્યાં. રજપૂત ઠેર ઠેર શોધી વળ્યો. આખરે ભેદ પ્રગટ થયો. હત્યારી માએ જ એને તાજેતરમાં મારી નાખેલી. સ્ત્રીનો બચકો વીંખ્યો. પોતાની ગેરહાજરીમાં સ્ત્રીએ કદીયે નહોતાં પહેર્યાં તે કોરાં વસ્ત્રાભૂષણ જોઇને સ્વામી છાતીફાટ રડ્યો.]

માડી ! બાર બાર વરસે આવિયો,

માડી ! નો દીઠી પાતળી પરમાર્ય રે, જાડેજી મા !

મો'લુંમાં દીવો શગ બળે રે.

દીકરા ! હેઠો બેસીને હથિયાર છોડ્ય રે, કલૈયા કુંવર !

પાણી ભરીને હમણાં આવશે રે.

માડી ! કૂવા ને વાવ્યું જોઇ વળ્યો રે,

માડી ! નો દીઠી પાતળી પરમાર્યરે, જાડેજી મા !

મો'લુંમાં દીવો શગ બળે રે.

દીકરા ! હેઠો બેસીને હથિયાર છોડ્ય રે, કલૈયા કુંવર !

દળણાં દળીને હમણાં આવશે રે.

માડી ! ઘંટિયું ને રથડા જોઇ વળ્યો રે,

માડી ! નો દીઠી પાતળી પરમાર્ય રે, જાડેજા મા !

મો'લુંમાં દીવો શગ બળે રે.

દીકરા ! હેઠો બેસીને હથિયાર છોડ્ય રે, કલૈયા કુંવર !

ધાન ખાંડીને હમણાં આવશે રે.

માડી ! ખારણિયા ખારણિયા જોઇ વળ્યો રે.

માડી ! નો દીઠી પાતળી પરમાર્ય રે. જાડેજી મા !

મો'લુંમાં દીવો શગ બળે રે.

દીકરા ! હેઠો બેસીને હથિયાર છોડ્ય રે, કલૈયા કુંવર !

ધોણ્યું ધોઇને હમણાં આવશે રે.

માડી ! નદિયું ને નેરાં જોઇ વળ્યો રે,

માડી ! નો દીઠી પાતળી પરમાર્ય રે, જાડેજી મા !

મો'લુંમાં દીવો શગ બળે રે.

એના બચકામાં કોરી બાંધણી રે,

એની બાંધણી દેખીને બાવો થાઉં રે, ગોઝારણ મા !

મો'લુંમાં આંબો મોડિયો રે.

એના બચકામાં કોરી ટીલડી રે,

એની ટીલડી તાણીને તરસૂળ તાણું રે, ગોઝારણ મા !

મો'લુંમાં આંબો મોડિયો રે.

## 5. વેલ્યું છૂટિયું રે, વીરા

[બાર-બાર વરસ થયાં સાસરે વળાવેલી અને વચમાં એકેય વાર ઘેર ન આવેલી બહેનને એનો ભાઇ તેડવા જાઅય છે. નાનપણનાં સ્મરણો ભૂલેલી એ બહેન ભાઇને કેમ કરીને ઓળખી લે છે ? પોતાની માતાની આંખો જેવી એની આંખો દેખીને, અને પિતાના અવાજ જેવો એનો અવાજ સાંભળીને. (માતાના જેવી આંખોવાળો ને પિતાના જેવા સ્વરવાળો પુરુષ પંકાય છે.)ભાઇને પોતાનાં દુ:ખો સંભળાવતી બહેન ભાઇના નિમંત્રણને નકારે છે. એ સમજે છે કે ભાઇઓ તો ભાભીને વશ હોય. બધું દુ:ખ ઠલવીને બહેન ડૂબી મરે છે.]

વેલ્યું છૂટિયું રે, વીરા ! વાડીના વડ હેઠ

ધોળીડા બાંધ્યા રે વડને વાંકીએ.

ચાર-પાંચ સૈયરું રે, વીરા ! પાણીડાની હાર્ય,

વચલી પાણિયારે વીરને ઓળખ્યો.

ઓળખ્યો ઓળખ્યો રે માની આંખ્યુંની અણસાર

બાપની બોલાશે વીરને ઓળખ્યો.

વીરા ! ચાલો રે દખણી બેનીને ઘેર,

ઉતારા દેશું ઊંચા ઓરડા.

વેલ્યું છોડજો રે, વીરા ! લીલા લીંબડ હેઠ,

ધોળીડા બાંધજો રે વચલે ઓરડે.

નીરીશ નીરીશ રે, વીરા લીલી નાગરવેલ્ય,

ઉપર નીરીશ રાતી શેરડી.

રાંધીશ રાંધીશ રે, વીરા ! કમોદુંનાં કૂર,

પાશેર રાંધીશ કાજુ-ખીચડી.

પાપડ શેકીશ રે, વીરા ! પૂનમ કેરો ચંદ,

ઉપર આદુ ને ગરમર આથણાં.

જમશે જમશે રે મારો માડીજાયો વીર,

ભેળી બેસશે રે એક જ બેનડી.

ઊંચી મેડી રે, વીરા ! ઊગમણે દરબાર,

તિયાં રે ઢળાવું તારા ઢોલિયા.

પોઢશે પોઢશે રે મારો માડીજાયો વીર,

પાસે બેસે રે એક જ બેનડી.

કરજે કરજે રે બેની! સખદખની વાત,

ઘેરે જાશું તો માતા પૂછશે,

ખાવી ખાવી રે, વીરા ! ખોરુડી જાર,

સૂવું રે માડીના જાયા ! સાથરે.

બાર બાર વરસે રે, વીરા ! માથડિયાં ઓળ્યાં,

તેર વરસે રે તેલ નાખિયાં.

મેલો મેલો રે બેની ! તમારલા દેશ,

મેલો રે, બેની ! તમારાં સાસરાં.

વીરા વીરા રે ! બેની માસ છ માસ,

આખર જાવું રે બેનને સાસરે.

ભરવાં ભરવાં રે, વીરા ! ભાદરુંનાં પાણી,

ભાદરની રેલે બેની તણાઇ ગયાં.

આને કાંઠે રે વીરો રહ રહ રુએ,

ઓલ્યે કાંઠે રુએ એની માવડી.

## 6. ગામમાં સાસરું ને ગામમાં પી’રિયું

[ગામમાં જ પિયર હતું. દુખિયારી વહુએ માતાની પાસે જઇને સાસરિયાનાં દુ:ખો સંભળાવ્યાં. જાસૂસ બનીને પાછળ આવેલી નણંદે આ વાત ઘેર જઇને કહી. સાસરિયામાં સહુને થયું કે, વહુએ આપણં મોટા આબરૂદાર ઘરની નિંદા કરી! વરને સહુએ ઉશ્કેરી મૂક્યો. સોમલ ઘૂંટીને એણે સ્ત્રીને કહ્યું કે, કાં તું પી, કાં હું પીઉં! ‘મોટાં ખોરડાં’ની આબરૂ ખાતર સ્ત્રીએ ઝેર પી લીધું.]

ગામમાં સાસરું ને ગામમાં પી’રિયું રે લોલ,

દીકરી ! કે’જો સખદખની વાત જો,

કવળા સાસરિયામાં જીવવું રે લોલ.

સખના વારા તો, માડી ! વહી ગયા રે લોલ,

દખનાં ઊગ્યાં છે ઝીણાં ઝાડ જો,

કવળા સાસરિયામાં જીવવું રે લોલ.

પછવાડે ઊભી નણદી સાંભળે રે લોલ,

વહુ કરે છે આપણા ઘરની વાત જો !

વહુએ વગોવ્યાં મોટાં ખોરડાં રે લોલ

નણદીએ જઇ સાસુને સંભળાવિયું રે લોલ,

વહુ કરે છે આપણા ઘરની વાત જો !

વહુએ વગોવ્યાં મોટાં ખોરડાં રે લોલ.

સાસુએ જઇ સસરાને સંભળાવિયું રે લોલ,

વહુ કરે છે આપણા ઘરની વાત જો !

વહુએ વગોવ્યાં મોટાં ખોરડાં રે લોલ.

સાસરે જઇ જેઠને સંભળાવિયું રે લોલ,

વહુ કરે છે આપણા ઘરની વાત જો !

વહુએ વગોવ્યાં મોટાં ખોરડાં રે લોલ.

જેઠે જઇ પરણ્યાને સંભળાવિયુંરે લોલ,

વહુ કરે છે આપણા ઘરની વાત જો !

વહુએ વગોવ્યાં મોટાં ખોરડાં રે લોલ.

પરણ્યે જઇ તેજી ઘોડો છોડિયો રે લોલ,

જઇ ઉભાડ્યો ગાંધીડાને હાટ જો !

વહુએ વગોવ્યાં મોટાં ખોરડાં રે લોલ.

અધશેરો અમલિયાં તોળાવિયાં રે લોલ,

પાશેરો તોળાવ્યો સુમલખાર જો !

વહુએ વગોવ્યાં મોટાં ખોરડાં રે લોલ.

સોનલા વાટકડે અમલ ઘોળિયાં રે લોલ,

પીઓ ગોરી, નકર હું પી જાઉં જો !

વહુએ વગોવ્યાં મોટાં ખોરડાં રે લોલ.

ઘટક દઇને ગોરાંદે પી ગયાં રે લોલ,

ઘરચોળાની ઠાંસી એણે સોડ્ય જો !

વહુએ વગોવ્યાં મોટાં ખોરડાં રે લોલ.

આટકાટનાં લાકડાં મંગાવિયાં રે લોલ,

ખોખરી હાંડીમાં લીધી આગ જો !

વહુએ વગોવ્યાં મોટાં ખોરડાં રે લોલ.

પે'લો વિસામો ઘરને ઉંબરે રે લોલ,

બીજો વિસામો ઝાંપા બા'ર જો !

વહુએ વગોવ્યાં મોટાં ખોરડાં રે લોલ.

ત્રીજો વિસામો ગામને ગોંદરે રે લોલ,

ચોથો વિસામો સમશાન જો !

વહુએ વગોવ્યાં મોટાં ખોરડાં રે લોલ.

સોનલા સરખી વહુની ચે' બળે રે લોલ.

રૂપલા સરખી વહુની રાખ જો !

વહુએ વગોવ્યાં મોટાં ખોરડાં રે લોલ.

બાળી ઝાળીને જીવડો ઘેર આવ્યો રે લોલ,

હવે માડી ! મંદિરિયે મોકળાણ જો !

ભવનો ઓશિયાળો હવે હું રહ્યો રે લોલ.

## 7. પગલીનો પાડનાર દ્યોને, રન્નાદે

[પુત્રહીન માતાથી હવે તો મહેણાં સહેવાતાં નથી. રાંદલ માની પાસે એ કેવો દીકરો માગી રહી છે ! ઘરની લીલી લીલી ગાર ઉપર પોતાની નાની નાની પગલીઓ પાડનારો, રોટલા ઘડતી વખતે નાનકડી ચાનકી માગનારો, દળતી વખતે ઘંટીના થાળામાં લોટની જે શગ ચડતી હોય તે પાડી નાખનારો, ખોળો ખૂંદી ખૂંદીને ધોયેલો સાડલો બગાડનારો ને છાશ કરતી વખતે માખણ માગનારો : આ પ્રત્યેક કામ કરતી વખતે એને દીકરો સાંભરે છે. નાના મસ્તીખોર ને લાડકવાયા બાળક્નું આ સર્વસ્પર્શી ચિત્ર છે. લગ્ન અથવા સીમંત પ્રસંગે ઘરમાં રન્નાદે માતાની સ્થાપના કરી ગવાય છે.]

લીંપ્યું ને ગૂપ્યું મારું આંગણું;

પગલીનો પાડનાર દ્યોને, રન્નાદે !

વાંઝિયાં-મે'ણાં, માતા ! દોહ્યલાં.

દળણાં દળીને ઊભી રહી;

પગલીનો પાડનાર દ્યોને, રન્નાદે !

વાંઝિયાં-મે'ણાં, માતા ! દોહ્યલાં.

મહીડાં વલોવી ઊભી રહી;

માખણનો માગનાર દ્યો ને, રન્નાદે !

વાંઝિયાં-મે'ણાં, માતા ! દોહ્યલાં.

પાણી ભરીને ઊભી રહી;

છેડાનો ઝાલનાર દ્યોને, રન્નાદે !

વાંઝિયાં-મે'ણાં, માતા ! દોહ્યલાં.

રોટલા ઘડીને ઊભી રહી;

ચાનકીનો માગનાર દ્યો ને, રન્નાદે !

વાંઝિયાં-મે'ણાં, માતા ! દોહ્યલાં.

ધોયો ધફાયો મારો સાડલો;

ખોળાનો ખૂંદનાર દ્યોને, રન્નાદે !

વાંઝિયાં-મે'ણાં, માતા ! દોહ્યલાં.

[એ પ્રમાણે પુત્ર મળતાં ગાય છે કે--]

લીંપ્યું ને ગૂંપ્યું મારું આંગણું;

પગલીનો પાડનાર દીધો, રન્નાદે !

અનિરુદ્ધ કુંવર મારો લાડકો.

## 8. આંબુ જાંબુની છાંય રે, મા'દેવજી

[શંકર અને ભીલડીની એ જાણીતી પુરાણકથાને લોકગીતની કોઇ રચનારીએ વિગતવાર રંગો પૂરીને આ શબ્દચિત્રમાં ઉતારી છે. મોહલુબ્ધ મહાદેવજી ભીલડીના ધણીને ડુબાવી મારવા સુધી પણ તૈયાર થાય એ કામાંધતાની પરાકાષ્ટા જે લોકકલ્પનામાં સમાઇ શકી, તે લોકકલ્પના કેટલી જોરાવર હશે ! તપસ્વીના એક પછી એક સ્વાંગ ઉતરાવી તે દરેકને સ્થાને બરાબર ઘટતા લાલ લાલ શણગારો સજાવ્યા, અને અંતે તો 'નર નાચે ને નારી રીઝે' એવી દશામાં મહાદેવજીને મૂકી દીધા, પતિદેવને ચલાયમાન થયા દેખીને કશો રોષ ન કર્યો. છતાં વિકારને લીધે ભ્રષ્ટ થયેલા એ દંપતી-સંસારને ફરી વાર લગ્ન કરીને વિશુદ્ધ તો કરવો જ જોઇએ. એટલે ફરી વાર બંને પરણે છે.]

આંબુ જાંબુની છાંય રે, મા'દેવજી ! ત્યાં કાંઇ રમ્મત માંડી જી રે,

રમતાં રમતાં વાદ જ વદિયાં, તપીએ જઇ તપ ધરિયાં જી રે.

તમે, પારવતી ! પિયર પધારો, અમે જાયેં તપ કરવા જી રે.

હું રે, મા'દેવજી ! ખરેખરી હોઉં તો તપિયા તપ છોડાવું જી રે !

સોનલાં ને રૂપલાં ડાબલે ડાટ્યાં, પિત્તળ લઇને પેર્યાં જી રે ,

હીર ને ચીર પટારે ઠાંસ્યાં, ફાટલ તૂટલ પેર્યાં જી રે.

હાથમાં સાવરણો ને કાખમાં સૂંડલો, ભીલડીનો વેશ લીધો જી રે,

ઉગમણાં વાસીદાં વાળ્યાં કે આથમણી રજ ઊડી જી રે.

કોણ છો જાતની ને કોણ છો ભાતની, કોણ તમારાં નામ જી રે.

જાતની કોળણ, ભાતની ભીલડી, ભીલી અમારાં નામ જી રે.

ભીલઘર ના'તી ને ભીલઘર ધોતી, લાલલાલ મોતીડાં પરોવતી જી રે;

અમારા ભીલના વછા પડ્યા છે, ચાલું જગમાં જોતી જી રે.

આવ્યની, કોળણ !બેસ્યની, ભીલડી !આપણે રમ્મત રમીએ જી રે,

રિયો રિયો, ભીલી રાણી ! અમ્મારે ચરણે, તને કરું પટરાણી જી રે.

તમ્મારે, મા'દેવજી ! ગંગા-પારવતી, ભીલડીને શું કરશો જી રે ?

પારવતીને પિયર વળાવું, ગંગાને પાણી ભરાવું જી રે.

સિંગળદીપમાંથી હસ્તી મંગાવું, લાલલાલ ચૂડિયું ઘડાવું જી રે,

ચૂડિયું ઉપર ચીપું મઢાવું, ને તને કરું પટરાણી જી રે.

તમ્મારે, મા'દેવજી ! તૂટલ ખાટલી, તે દેખી અમે ડરીએં જી રે :

તૂટલ ખાટલી દૂર કરાવું ને લાલ પલંગ બિછાવું જી રે.

તમ્મારે, મા'દેવજી ! વનમાં ઝૂંપડાં, તે દેખી અમે ડરીએં જી રે.

વનનાં ઝૂંપડાં દૂર કરાવું, લાલલાલ મેડિયું ચણાવું જી રે.

તમ્મારે, મા'દેવજી ! ટાઢા ટૂકડા, તે દેખી અમે ડરીએં જી રે:

ટાઢા ટુકડા દૂર કરાવું, લાલલાલ ચૂરમા વળાવું જી રે.

તમ્મારે, મા'દેવજી ! ઝાઝી ભભૂત, તે દેખી અમે ડરીએં જી રે:

ઝાઝી ભભૂત દૂર કરાવું, કંકુવરણી કાયા જી રે.

તમ્મારે, મા'દેવજી ! ગળે સરપડાં, તે દેખી અમે ડરીએં જી રે:

ગળેથી સરપ દૂર કરાવું, ફૂલના હાર પે'રાવું જી રે.

તમ્મારે, મા'દેવજી ! લાંબી જટ્ટા, તે દેખી અમે ડરીએં જી રે :

લાંબી જટ્ટા દૂર કરાવું, લાલ લાલ અંબોડો વળાવું જી રે.

અમારો ભીલ છે કાલો ને ઘેલો, જંગલ કેરો વાસી જી રે,

સાંજ પડે ને મારો ભીલ ઘરે આવે, તુજ-મુજને, શિવ ! મારે જી રે .

ઓતરાખંડમાંથી વાદળી ચડાવું, ઝીણો ઝીણો મેહુલો વરસાવું જી રે.

તારા ભીલને ડૂબવીને મારું, તને કરું પટરાણી જી રે.

અમ્મારે શિવજી એવી એવી રીત્યું કે નર નાચે ને નારી રીઝે જી રે:

હાથે છે નેવળી ને પગે છે ઘૂઘરી, થેઇ થેઇ શિવજી નાચે જી રે.

પારવતીએ રૂપ પરકાશ્યું ને ક્યાં ગઇ ભીલાં રાણી જી રે ?

ઇસવર પારવતી પરણવાં બેઠાં, ગાયે સકળ નરનારી જી રે

## ૯. બાળુડો જોગી

[ગોડ બંગાળનો તરુણ રાજા ગોપીચંદ મહારાજા ભર્તૃહરિનો ભાણેજ થાય. ભોગવિલાસમાં ગરક થયેલા એ પુત્રને માતા મેનાવતીએ એક સુંદર સમસ્યા વડે ભેખ લેવરાવ્યો. બરાબર સ્નાનનો સમય થયો જોયો. એની ઉઘાડી કાયા ઉપર મૂંગું આંસુ ટપકાવ્યું. આવી કંચનવરણી અને મહેકતી કાયાનો પણ એક દિવસ લય થશે, એ એના પિતાનું મૃત્યુ યાદ કરાવીને પલકમાં સમજાવ્યું. બાળુડો જોગી પોતાના જોગની કસોટી કરવા બહેનીબાને દેશ પહોંચ્યો. બહેનનાં ચોધાર રુદન જેને ન ચળાવી શકે તે જ ત્યાગ સાચો.]

સોનલા વાટકડી ને રૂપલા કાંગસડી,

ગોપીચંદ રાજા બેઠો ના'વા રે ભરથરી.

હાથપગ ચોળે એના ઘરની અસતરી,

વાંસાના મોર ચોળે માડી રે ભરથરી.

મોર ચોળંતાં એનું હૈડું ભરાણું જો,

નેણલે આંસુડલાંની ધાર રે ભરથરી.

નહિ રે વાદળડી ને નહિ રે વીજળડી.

ઓચિંતાં નીર ક્યાંથી આવ્યાં રે ભરથરી.

આવી કાયા રે તારા બાપની હતી જો,

એ રે કાયાનાં મરતૂક થિયાં રે ભરથરી.

કો'તો, માતાજી ! અમે દ્વારકા જાયેં જો,

દ્વારકાંની છાપું લઇ આવું રે ભરથરી.

કો'તો, માતાજી ! અમે હિંગળાજ જાયેં જો,

હિંગળાજના ઠુમરા લઇ આવું રે ભરથરી

કો'તો, માતાજી ! અમે કાશીએ જાયેં જો,

કાશીની કાવડ્યું લઇ આવું રે ભરથરી.

કો'તો, માતાજી ! અમે જોગીડા થાયેં જો,

કો'તો લઇએ ભગવો ભેખરે ભરથરી.

બાર વરસ બેટા! રાજવટું કરો જો,

તેરમે વરસે લેજો ભેખ રે ભરથરી.

બાર વરસ, માતા ! કેણીએ ન જોયાં જો,

આજ લેશું રે ભગવો ભેખ રે ભરથરી.

દેશ જાજેને , દીકરા ! પરદેશ જાજે જો,

એક મ જાજે બેનીબાને  દેશ રે ભરથરી.

આંબાની ડાળે ને સરોવરની પાળે જો,

ઊતરી છે જોગીની જમાત રે ભરથરી.

નણંદની દીકરી ને સોનલબાઇ નામ જો,

સોનલબાઇ પાણીડાં હાર્યં રે ભરથરી.

કો'તો, મામી! તમારો વીરોજી દેખાડું જો,

કો'તો દેખાડું બાળો જોગી રે ભરથરી.

સાચું બોલો તો, સોનલબાઇ! સોનલે મઢાવું જો,

જૂઠું બોલો તો, જીભડી વાઢુ રે ભરથરી.

કડે સાંકળિયે મેં એને દીઠો જો,

બાળુડો જોગી કેમ ઓળખાય  રે ભરથરી

હાલો દેરાણી ને હાલો જેઠાણી જો,

જોગીડાની જમાત જોવા જાયેં રે ભરથરી.

થાળ ભરીને શગ મોતીડે લીધો જો,

વીરને વધાવવાને જાય રે ભરથરી.

બેની જોવે ને બેની રસ રસ રોવે જો,

મારો વીરોજી જોગી હુવો રે ભરથરી.

કો'તો, વીરજી મારા ! પાલખી મંગાવું જો,

કો'તો અલાવું પાછાં રાજ રે ભરથરી.

પાલખી ન જોયેં, બેનીબા! રાજ નવ જોયેં જો,

કરમે લખ્યો છે ભગવો ભેખ રે ભરથરી.

## 10. મોરબીની વાણિયણ

[એવોયે વખત હશે, જ્યારે વાણિયા જેવી પોચી જાત અને તેમાંયે એક અબળા, પોતાના ઉપર કુદૃષ્ટિ કરનાર રાજાને પણ કાળજે કારી ઘા પડે તેવો માર્મિક જવાબ આપીને ભોંઠો પાડતી. જીવાજી ઠાકોરે રોજ રોજ લાલચો દીધી, વાણિયાણીએ ખામોશ પકડી.પણ આખરે તો એને રાજાની રાણીઓની,

રાજ્યની અને મસ્તકની જ હરરાજી બોલાવી, ત્યારથી ઠાકોર ઘોડાં પાવા જવાનું ભૂલી ગયા.]

કૂવા-કાંઠે ઠીકરી, કાંઇ ઘસી ઊજળી થાય,

મોરબીની વાણિયણ મછુ પાણી જાય;

આગળ રે જીવોજી ઠાકોર,

વાંસે રે મોરબીનો રાજા,

ઘોડાં પાવાં જાય.

કર્ય રે, વાણિયાણી ! તારા બેડલાનાં મૂલ:

જાવા દ્યો, જીવાજી ઠાકોર !

જાવા દ્યો, મોરબીના રાજા !

નથી કરવાં મૂલ;

મારા બેડલામાં તારા હાથીડાબે ડૂલ !---મોરબીની...

કર્ય રે, વાણિયાણી ! તારા વાટકાનાં મૂલ :

જાવા દ્યો, જીવાજી ઠાકોર ! જાવ દ્યો, મોરબીના રાજા !

નથી કરવા મૂલ;

મારા રે વાટકામાં તારું રાજ થાશે ડૂલ !---મોરબીની....

કર્ય રે, વાણિયાણી ! તારી પાનિયું નાં મૂલ:

જાવા દ્યો, જીવાજી ઠાકોર !

જાવ દ્યો,મોરબીના રાજા !

નથી કરવાં મૂલ;

મારી પાનિયુંમાં તારી રાણિયું બે ડૂલ !---મોરબીની.....

કર્ય રે, વાણિયાણી ! તારા અંબોડાનાં મૂલ :

જાવા દ્યો, જીવાજી ઠાકોર !

જાવા દ્યો, મોરબીના રાજા !

નથી કરવાં મૂલ;

મારા અંબોડામાં તારું માથું થાશે ડૂલ !—મોરબીની.....

## 11. સોનલ ગરાસણી

[હિંદુ સ્ત્રીઓનાં મુસલમાનોએ કરેલા અપહરણોની કથાઓ આપણ આ લોકસાહિત્યમાં મળી આવે છે. સોનલ ગરાસણીને છોડાવવામાં જ્યારે બધાં સ્વાર્થી સાટાંપાટાં એળે ગયા, ત્યારે એના પતિએ આવીને શત્રુઓ સાથે સમશેરનો મુકાબલો કર્યો, પોતાનું લીલું માથું વાઢી દીધું, અને પલકમાં સોનલ છૂટી ગઇ.]

સોનલ રમતી રે ગઢડાને ગોખે જો,

ગઢડાને ગોખે જો,

રમતાં ઝલાણી સોનલ ગરાસણી.

આડો આવ્યો રે, સોનલ ! દાદાનો દેશ જો,

દાદાનો દેશ જો,

સોનલે જાણ્યું જે દાદો છોડવશે.

દાદે દીધાં રે, સોનલ ! ધોળુડાં ધણ જો,

ધોળુડાં ધણ જો,

તો યે ન છૂટી સોનલ ગરાસણી.

આડો આવ્યો રે, સોનલ !કાકાનો દેશ જો,

કાકાનો દેશ જો,

સોનલે જાણ્યું જે કાકો છોડવશે.

કાકે દીધાં રે, સોનલ કાળુડાં ખાડુ જો,

તો યે ન છૂટી સોનલ ગરાસણી.

આડો આવ્યો રે, સોનલ !વીરાનો દેશ જો,

વીરાનો દેશ જો,

સોનલે જાણ્યું જે વીરો છોડવશે.

વીરે દીધાં રે, સોનલ ! ઘમળાં વછેરાં જો,

ઘમળાં વછેરા જો,

તો યે ન છૂટી સોનલ ગરાસણી.

આડો આવ્યો રે, સોનલ ! મામાનો દેશ જો,

મામાનો દેશ જો,

સોનલે જાણ્યું જે મામો છોડવશે.

મામે દીધાં રે, સોનલ !વેલ્યું ને માફા જો,

તો યે ન છૂટી સોનલ ગરાસણી.

આડો આવ્યો રે, સોનલ સ્વામીનો દેશ જો,

સ્વામીનો દેશ જો,

સોનલે જાણ્યું કે સ્વામી છોડવશે.

સ્વામીએ દીધી એના માથા કેરી મોળ્યું જો,

ધબકે છૂટી રે, સોનલ ગરાસણી.

## 12. ઘરે આવોને !

શેરી વળાવી સજ કરું, ઘરે આવો ને !

આંગણીએ વેરું ફૂલ, મારે ઘરે આવો ને!

ઉતારા આપીશ ઓરડા, ઘરે આવો ને!

મેડીના મો’લ જ દૈશ, મારે ઘરે આવોને !—શેરી વળાવી....

દાતણ આપીશ દાડમી, ઘરે આવો ને !

કણેરીની કાંબ જ દૈશ, મારે ઘરે આવો ને !—શેરી વળાવી....

નાવણ આપીશ કૂંડિયું, ઘરે આવો ને !

ઝીલણિયાં તળાવ દૈશ,મારે ઘરે આવો ને.—શેરી વળાવી....

ભોજન આપીશ લાપશી, ઘરે આવો ને !

સાકરિયો કંસાર દૈશ, મારે ઘરે આવો ને .—શેરી વળાવી....

મુખવાસ આપીશ એલચી, ઘરે આવો ને !

પાન-બીડલાં દૈશ પચાસ, મારે ઘરે આવોને !---શેરી વળાવી.....

પોઢણ આપીશ ઢોલિયા, ઘરેઆવો ને !

હીંડોળા ખાટ જ દૈશ, મારે ઘરે આવો ને.—શેરી વળાવી....

## 13. મહી-મંથન

[નંદજીની નવ લાખ ગાયોના દૂધની છાશ ફેરવવાનું મહિમાવંત દૃશ્ય મંડાય છે. સાત સાત સાગરો જેવડું તો વાસણ:તેમાં મેરુ પહાડરૂપી રવાઇ : એવી પ્રચંડ રવાઇને ઘુમાવવા સાધારણ દોરડાં કાંઇ ચાલે ?જંગી નાગનાં નેતરાં બનાવ્યાં.]

આજ મારે વલોણા-વાર છે રે લોલ.

સાત સમદરની ગોળી રે કીધી,

મેરુનો કીધો રવાયો રે લોલ. – આજ

નવ કુળ નાગનાં નેતરાં રે કીધાં,

ગંગા-જમનાનું વલોણું રે લોલ. –આજ.

માતા જશોદા ! તમ્મારા કાનને,

મહીડાં વલોવવાને મેલો રે લોલ. --આજ...

અમારો કાન છે બાળો ને ભોળો,

મહીડાંની વાત શું જાણે રે લોલ. –આજ....

મહીડાંની વાત મારો વા’લોજી જાણે,

માખણ ઉતારીને આલે રે લોલ. –આજ...

એક કોર કાળો કાનજી ઘુમાવે,

એક કોર રાધા ગોરી રે લોલ. --આજ....

હાથે છે કાંકણી ને વેઢ ઝબૂકે, વા’લો

લટકે નેતરાં તાણે રે લોલ. –આજ....

હળવા હળવા તાણો, છબીલા !

નંદવાશે મહીડાંની ગોળી રે લોલ –આજ....

નંદવાશે ગોળી ને ઊડશે છાંટા,

નવરંગ ચૂંદડી ભીંજાશે રે લોલ. –આજ.....

એટલું કીધું ને કાન રિસાઇ ચાલ્યા,

જઇ વનરાવન વસિયા રે લોલ. –આજ....

સોળસેં ગોપિયું ટોળે વળીને

કાનને મનાવવા ચાલી રે લોલ. –આજ....

કાન રે કાન ! મારા ભરવાડ ભાણેજ

આવડલી મત કોણે દીધી રે લોલ. –આજ.....

મનની કીધી ને કાન મંદિર પધાર્યા,

ગોપિયું મહાસુખ પામી રે લોલ.– આજ.....

## 14. રે કાનુડા !

ઝાલર વાગે ને વા’લો હરિરસ ગાય,

કાન ગોપીનો છેડો ઘેરાય.

મેલો મેલો, કાનુડા ! અમ્મારાં ચીર,

હું તારી બેનડી ને તું મારો વીર.

કાયકી બેનડી ને કાયકો વીર,

તમે ગોપી ને અમે નરમળ નીર.

છેડો ફાટ્યો ને ગોપી રાવે ગઇ,

જશોદાને મંદિરે ઊભી રહી.

માતા જશોદા ! તમ્મારો કાન,

નત્ય મારગડે માગે દાણ.

દાણ માગે ને વળી લૂંટી ખાય.

ઇ તો ગોકળિયામાં કેમ રે’વાય.

જાવ જાવ. ગોપિયું ! તમ્મારે ઘેર,

આવે કાનો તો માંડું વઢવેડ.

સાંજ પડી ને કાનો આવ્યો છે ઘેર,

માતા જશોદાએ માંડી વઢવેડ.

ભાઇ રે કાનુડા ! તારે આવડી શી હેર,

નત્યના કજિયા લાવે મારે ઘેર !

માતા જશોદા ! તમ્મારી આણ

જૂઠું બોલે ગોપી ચતુર સુજાણ.

વનમાં ચારું એકલો ગાય,

ચાર-પાંચ ગોપિયું ભેળિયું થાય.

પરથમ આવે ને મારી ઝાલર બજાય,

બીજી આવે ને મારો મુગટ ઘેરાય.

ત્રીજી આવે ને મારી તૃષ્ણા કરે,

ચોથી આવે ને મારે ચરણે પડે.

એટલી વપત મારે વનમાં પડે,

તોયે ગોપી મારી રાવ જ કરે !

## 15. હાં રે રથ ફેરો, ગોકુળ રથવાળા !

હાં રે રથ ફેરો, ગોકુળ રથવાળા !

હાંરે તમે નંદ-જશોદાના લાલા, ગોકુળ રથવાળા !

ગાયું રે તલખે ને વાછરુ રે તલખે,

તલખે ગોપ બિચારા, ગોકુળ રથવાળા !---હાં રે.....

ગંગાજી તલખે ને જમનાજી તલખે,

તલખે નદિયું-કિનારા, ગોકુળ રથવાળા !-----હાં રે....

ચાંદો તલખે ને સૂરજ તલખે,

તલખે નવલખ તારા, ગોકુળ રથવાળા!----હાં રે .....

નાંદજી તલખે ને જશોદાજી તલખે,

તલખે બળભદ્ર વીરા, ગોકુળ રથવાળા !----હાં રે.....

વલ્લભ વિનાની ગોપિયું રે તલખે,

તલખે ભગત તમારા, ગોકુળ રથવાળા !---હાં રે....

## 16. આજ રે સ્વપનામાં મેં તો

[સાસરિયાના કુટુંબ-સુખથી વંચિત એવી કોઇ અતિ દુખિયારીએ અથવા તો લગ્નજીવનના ઉમળકા અનુભવતી કુમારિકાએ પોતાના ભૂખ્યા મનોરથોને તૃપ્ત કરવા માટે નિદ્રામાં ને નિદ્રામાં સ્વપ્ન સૃષ્ટિ સરજી દીસે છે.]

આજ રે સ્વપનામાં મેં તો ડોલતો ડુંગર દીઠો જો,

ખળખળતી નદિયું રે, સાહેલી ! મારા સ્વપનામાં રે.

આજ રે સ્વપનામાં મેં તો ઘમ્મર વલોણું દીઠું જો,

દહીં-દૂધના વાટકા રે, સાહેલી ! મારા સ્વપનામાં રે.

આજ રે સ્વપનામાં મેં તો લવિંગ-લાકડી દીઠી જો,

ઢીંગલાં ને પોતિયાં રે, સાહેલી ! મારા સ્વપનામાં રે.

આજ રે સ્વપનામાં મેં તો જટાળો જોગી દીઠો જો,

સોનાની થાળી રે, સાહેલી ! મારા સ્વપનામાં રે.

આજ રે સ્વપનામાં મેં તો પારસપીપળો દીઠો જો,

તુળસીનો ક્યારો રે, સાહેલી ! મારા સ્વપનામાં રે.

આજ રે સ્વપનામાં મેં તો ગુલાબી ગોટો દીઠો જો,.

ફૂલડિયાંની ફોર્યું રે, સાહેલી ! મારા સ્વપનામાં રે.

ડોલતો ડુંગર ઇ તો અમારો સસરો જો,

ખળખળતી નદીએ રે સાસુજી મારાં ના'તાં'તાં રે.

ઘમ્મર વલોણું ઇ તો અમારો જેઠ જો,

દહીં-દૂધના વાટકા રે જેઠાણી મારાં જમતાં'તાં રે.

લવિંગ-લાકડી ઇ તો અમારો દેર જો,

ઢીંગલે ને પોતિયે રે દેરાણી મારાં રમતાં'તાં રે.

જટાળો જોગી ઇ તો અમારો નણદોઇ જો,

સોનાની થાળીએ રે નણદી મારાં ખાતાં'તાં રે.

પારસ પીપળો ઇ તો અમારો ગોર જો,

તુળસીનો ક્યારો રે ગોરાણી મારાં પૂજતાં'તાં રે

ગુલાબી ગોટો ઇ તો અમારો પરણ્યો જો,

ફૂલડિયાંની ફોર્યું, સાહેલી! મારી ચૂંદડીમાં રે.

## 17. રામ ને સીતા વાદ વદે

[પતિ-પત્ની વચ્ચે પ્રત્યેક રંગની સુંદરમાં સુંદર વસ્તુ શોધી કાઢવાની સ્પર્ધા ચાલી રહી લાગે છે. દરેકેદરેક પદાર્થ કેટલી બધી સજીવ અને હૂબહૂ રીતે પોતપોતાના રંગ રજૂ કરી રહ્યો છે ! આખા ગીતમાં રંગેરંગ ગૂંથાઇ ગયા દીસે છે. પશુ, પંખી અને વનસ્પતિનાં દૃષ્ટાંતો ની વચ્ચે માનવીનાં અવયવોનો ઉલ્લેખ અધિક માધુર્ય પૂરે છે. કન્યાના મજીઠે રંગેલા દાંતની કસુંબલ રતાશ, કાંચળીની લીલાશ અને કેશની કાળપ વધુ જોરથી ઝળકી ઊઠે છે. પ્રકૃતિનાં સહવાસીઓની આંખો જ રંગનો સાચો વૈભવ માણી જાણે છે.]

રામ ને સીતા વાદ વદે,

લાવજો રે એક ધોળું ફૂલ ! રદા કમળમાં રામ રમે.

ધોળાં પ્રભુજીનાં ધોતિયાં,

ધોળી રે બગલાની પાંખ, રદા કમળમાં રામ રમે.

રામ ને સીતા વાદ વદે,

લાવજો રે એક રાતું ફૂલ ! રદા કમળમાં રામ રમે.

રાતો રંગત ચૂડલો,

રાતા રે કન્યાના દાંત, રદા કમળમાં રામ રમે.

રામ ને સીતા વાદ વદે,

લાવજો રે એક પીળું ફૂલ ! રદા કમળમાં રામ રમે.

પીળો હળદર-ગાંઠિયો,

પીળી રે કન્યાની ઝાલ, રદા કમળમાં રામ રમે.

રામ ને સીતા વાદ વદે,

લાવજો રે એક લીલું ફૂલ !રદા કમળમાં રામ રમે.

લીલી કન્યાની કાંચળી,

લીલી રે પોપટની પાંખ, રદા કમળમાં રામ રમે.

રામ ને સીતા વાદ વદે,

લાવજો રે એક કાળું ફૂલ !રદા કમળમાં રામ રમે.

કાળો કન્યાનો ચોટલો,

કાળો રે આષાઢી મેઘ,રદા કમળમાં રામ રમે.

રામ ને સીતા વાદ વદે,

લાવજો રે એક રૂડું ફૂલ ! રદા કમળમાં રામ રમે.

રૂડો તે વનમાં મોરલો,

રૂડા તો રાજાના મે'લ! રદા કમળમાં રામ રમે.

## 18. કુંજલડી રે

['મેઘદૂત'માં ચિત્રકૂટના શિખર પર ઝૂલતા યક્ષે પોતાની પ્રિયાને આષાઢને પ્રથમ દિવસે એક વાદળાની સાથે સંદેશો કહાવ્યો હતો. તેમ ગુજરાતની કોઇ વિજોગણે પણ વિદેશ રહેતા સ્વામી પર પોતાની જ જાતની, અર્થાત્ સ્ત્રીજનની, વેદના સમજે તેવી કુંજલડીને સંદેશો લઇ જવા કહ્યું.લાંબી ડોક માંડતાં એ પંખીઓ જાણે કે બહુ જ લાંબે  પંથે સાગરપાર પળતાં હોય એવું ભાસે છે. પરદેશે બેઠેલા પતિને બીજું કોણ પહોંચી શકે ?  પંખી કહે છે કે, હું માનવી હોત તો મોઢામોઢ બોલીને સંદેશો દેત, પણ મારે વાચા નથી. મારી પાંખ પર લખી આપો. અને સંદેશો તો બીજો શો હોય ?પ્રીતમરૂપી સાગાર વગર હું પંખણી જેવી સૂની છું. વહેલા વહેલા ઘેર આવજો ને થોડાં વસ્ત્રાભૂષણો લેતા આવજો !]

કુંજલડી રે સંદેશો અમારો

જઇ વા'લમને કે'જો જી રે !

માણસ હોય તો મુખોમુખ બોલે,

લખો અમારી પાંખડલી રે.---- કુંજલડી રે....

સામા કાંઠાના અમે પંખીડાં

ઊડી ઊડી આ કાંઠે આવ્યાં જી રે.---કુંજલડી રે...

કુંજલડીને વા'લો મીઠો મેરામણ,

મોરને વા'લું ચોમાસું જી રે ---કુંજલડી રે.....

રામ-લખમણને સીતાજી વા'લાં,

ગોપિયુંને વા'લો કાનુડો જી રે.---કુંજલડી રે....

પ્રીતિકાંઠાનાં અમે પંખીડાં,

પ્રીતમસાગર વિના સૂનાં જી રે.---કુંજલડી રે.....

હાથ પરમાણે ચૂડલો રે લાવજો,

ગુજરીમાં રતન જડાવજો જી રે---.-કુંજલડી રે...

ડોક પરમાણે ઝરમર લાવજો,

તુલસીએ મોતીડાં બંધાવજો જી રે.---કુંજલડી રે....

પગ પરમાણે કડલાં લાવજો,

કાંબિયુંમાં ઘૂઘરા બંધાવજો જી રે.---કુંજલડી રે....

## 19. ડોલરિયો દરિયાપાર

વા વાયા ને વાદળ ઊમટ્યાં,

મધદરિયે ડૂલેરાં વા'ણ, મોરલી વાગે છે.

એક હાલાર શે'રના હાથીડા

કંઇ આવ્યા અમારે દેશ, મોરલી વાગે છે.

છેલ છોગાળા હોય તો મૂલવે,

ડોલરિયો દરિયાપાર, મોરલી વાગે છે.

એક ઘોઘા તે શે'રનાં ઘોડલાં

કાંઇ આવ્યાં અમારે દેશ,મોરલી વાગે છે.

એક વાળાક શે'રની વેલડી

કાંઇ આવી અમારે દેશ, મોરલી વાગે છે.

એક દખણ શે’રના ડોળિયા

કાંઇ આવ્યા અમારે દેશ, મોરલી વાગે છે.

એક ચીતળ શે’રની ચૂંદડી

કાંઇ આવી અમારે દેશ , મોરલી વાગે છે.

એક મુંબઇ શે’રનાં મોતીડાં

કાં આવ્યાં અમારે દેશ, મોરલી વાગે છે.

એક સૂરત શે’રની બંગડી

કાંઇ આવી અમારે દેશ, મોરલી વાગે છે.

## ૨૦. હરિ સાંભરે

હું તો ઢોલે રમું ને હરિ સાંભરે રે,

મારાં મનડાં ઉદાસી થાય રે,

ઢોલે રમું ને હરિ સાંભરે રે.

હું તો દાતણ કરું ને હરિ સાંભરે રે,

મારા દાતણિયાં પડી પડી જાય રે.---ઢોલે....

હું તો નાવણ કરું ને હરિ સાંભરે રે,

મારી કૂંડિયું ઢળી ઢળી જાય રે. ----ઢોલે....

હું તો ભોજન કરું ને હરિ સાંભરે રે,

મારા કોળિયા ઢળી ઢળી જાય રે.----ઢોલે....

હું તો મુખવાસ કરું ને હરિ સાંભરે રે,

મારી એળચિયું ઢળી ઢળી જાય રે.—ઢોલે.....

## 21. લીલી નાઘેરમાં

[સૌરાષ્ટ્રને પશ્ચિમ પ્રદેશે સાગરકાંઠાનો રસાળ પ્રદેશ સદાય લીલૂડો, સોરઠની શાશ્વત કુંજ સરખો રહે છે. નાગરવેલનું મોટું ધામ છે. ‘હરી વનરાઇ’ શબ્દનો અર્થ સ્પષ્ટપણે ‘લીલી વનરાઇ’ જ છે.]

ઝીણા મોર બોલે આ લીલી નાઘેરમાં,

લીલી નાઘેરમાં, હરી વનરાઇમાં. ---ઝીણા....

ઉતારા કરો ને આજ લીલી નાઘેરમાં,

દેશું દેશું મેડીના મો’લ, રાજ !---ઝીણા...

દાતણ કરો ને આજ લીલી નાઘેરમં.

દેશું દેશું કણેરી કામ્ય, રાજ !----ઝીણા....

નાવણ કરો ને આજ લીલી નાઘેરમાં,

દેશું દેશું નદિયુંનાં નીર, રાજ !--- ઝીણા....

ભોજન કરો ને આજ લીલી નાઘેરમાં,

દેશું દેશું સાકરિયો કંસાર, રાજ !----ઝીણા....

મુખવાસ કરો ને આજ લીલી નાઘેરમાં,

દેશું દેશું તે બીડલા પચાસ, રાજ !---ઝીણા....

પોઢણ કરો ને આજ લીલી નાઘેરમાં,

દેશું દેશું હિંડોળાખાટ, રાજ !---ઝીણા....

## 22. ઝૂલણ મોરલી વાગી

ઝૂલણ મોરલી વાગી રે, રાજાના કુંવર !

હાલોને જોવા જાયેં રે,

મોરલી વાગી રે, રાજાના કુંવર !

ચડવા તે ઘોડો હંસલો રે, રાજાના કુંવર !

પીતળિયાં પલાણ રે.----મોરલી....

બાંયે બાજુબંધ બેરખા રે, રાજાનાકુંવર !

દસેય આંગળીએ વેઢ રે. ----મોરલી....

માથે મેવાડાં મોળિયાં રે, રાજાના કુંવર !

કિનખાબી સુરવાળ રે.--- મોરલી....

પગે રાઠોડી મોજડી રે, રાજાના કુંવર !

ચાલે ચટકતી ચાલ્ય રે.---મોરલી...

## 23. ગરવાને માથે

[જૂનાગઢમાં દાતારના ડુંગર પર જેની પ્રતિષ્ઠા છે, તે વેલા નામના એક કોળી સંત થઇ ગયા. તેનું નામ 'રૂખડ બાવો' કહેવાતું. બાર વર્શત સુધી એણે ઉપવાસી રહી ગિરનારની પ્રદક્ષિણા કરી હત ચાલીસ દિવસના ઉપવાસી ઇસુ મહારાજ વનરાવનમાં ઘૂમી રહ્યા હતા તેનું ભવ્ય ચિત્ર પશ્ચિમના કોઇ કલાધરે આબાદ નિપજાવેલ છે. લોક-હ્દયમાંથી આલેખાયેલું આ રૂખડ જોગીનું પણ એવું જ મસ્ત શબ્દચિત્ર છે. વાદળની સાથે વાતો કરતો એ ગરવો ગિરનાર અને તેની શિખરમાલા પર ભમતાં આ જટાધારી જોગીરાજ: કોઇ ગંભીર સંધ્યાકાળે કે ફૂટતા પ્રભાતે આ દૃશ્ય કેવું થતું હશે લોકચક્ષુમાં એની કેવી પ્રેરણા થઇ હશે !]

રૂખડ બાવા ! તું હળવો હળવો હાલ્ય જો.

ગરવાને માથે રે રૂખડિયો ઝળુંબિયો.

જેમ ઝળુંબે મોરલીને માથે નાગ જો,

ગરવાને માથે રે  રૂખડિયો ઝળુંબિયો

જેમ ઝળુંબે કૂવાને માથે કોસ જો,

ગરવાને માથે રે રૂખડિયો ઝળુંબિયો.

જેમ ઝળુંબે બેટાને માથે બાપ જો,

ગરવાને માથે રે રૂખડિયો ઝળુંબિયો.

જેમ ઝળુંબે નરને માથે નાર જો,

ગરવાને માથે રે રૂખડિયો ઝળુંબિયો.

જેમ ઝળુંબે ગોપીને માથે કાન જો,

ગરવાને માથે રે રૂખડિયો ઝળુંબિયો.

જેમ ઝળુંબે ધરતીને માથે આભ જો,

ગરવાને માથે રે રૂખડિયો ઝળુંબિયો.

## 24. ઘડી ન વીસરે રામ

[રામકથામાંથી સીતાહરણનો આ પ્રસંગ છે. ઓજસવંતા ઢાળમાં ગવાતા આ ગીતના ટેકમાં સીતાજીનો ભવ્ય ઉદગાર ભર્યો છે - ‘ હે રાવણ ! તું તો મારી દૃષ્ટિમાં વીર લક્ષ્મણ સમો છે; મને તું ન ફોસલાવ’]

રામે તે સરોવર ખોદિયાં ને લખમણ બાંધે પાળ,

સીતાજી પાણીડાં સાંચર્યાં રે મારી મરઘાનેણી નાર.

તું રે મારે મન લખમણ જતિ, મને ઘડી ન વીસરે રામ !

સોનાની શિંગડીએ રૂપલાની ખરીએ મરઘો ચરી ચરી જાય,

કંથ ન મળે કોડીલડો તે મરઘો મારવાને જાય !

તું રે મારે મન લખમણ જતિ,

જોગીને વેશ રાવણ આવ્યો દસ માથાળો દૈત,

ભિક્ષા દોને, સતી સીતવા રે ! અમે ભૂખ્યા છઇએ અતીત.

તું રે મારે મન લખમણ જતિ,

થાળ ભરીને સીતા વનફળ લાવ્યાં, લોને બાવાજી ! થાળ.

છૂટી ભિક્ષા અમે નૈ રે લઇએ, મારા ગુરુજીને બેસે ગાળ.

તું રે મારે મન લખમણ જતિ,

પે’લો તે પગ પાવડીએ દીધો, બીજો મઢીની બા’રે,

બાંવડી લોડાવીને ખંભે ચડાવી એ તો લૈ ગિયો લંકા મોઝાર.

તું રે મારે મન લખમણ જતિ,

સવા તે લાખનો ચૂડો મંગાવું એ આપું એકાવળ હાર,

અંગૂઠડીમાં તને રતન મઢાવું, તું ઘડી એક રામ વિસાર !

તું રે મારે મન લખમણ જતિ,

ચૂડલો તે તારો પથર પછાડું ને બાળું એકાવળ હાર,

અંગૂઠડીમાં તારી આણ મેલાવું, મારે ભવોભવ રામ ભરથાર.

તું રે મારે મન લખમણ જતિ,

## 25. જળદેવતાને બલિદાન

[જુદાં જુદાં અનેક ગામોનાં જળાશયો વિષે બોલાતી આ કથા છે. નવાણમાં પાણી નથી આવતું; જળદેવતા ભોગ માગે છે :ગામનો ઠાકોર પોતાનાં દીકર-વહુનું બલિદાન ચડાવે છે. વાત્સલ્યની વેદના, દાંપત્યની વહાલપ અને સમાજ-સુખ કાજે સ્વાર્પણ : એ ત્રણે ભાવથી વિભૂષિત બનીને જળસમાધિ લેનારાં આ વરવધૂએ લોક-જીવનમાં અમર એક અશ્રુગંગા વહાવી દીધી છે. ઘણી પંક્તિઓ પાછળથી ઉમેરાઇ લાગે છે.]

બાર બાર વરસે નવાણ ગળાવ્યાં,

નવાણે નીર નો આવ્યાં જી રે !

તેડાવો જાણતલ તેડાવો જોશી,

જોશીડા જોશ જોવરાવો જી રે !

જાણતલ જોશીડો એમ કરી બોલ્યો,

દીકરો ને વહુ પધરાવો જી રે !

ઘોડા ખેલવતા વીર રે અભેસંગ !

દાદાજી બોલાવે જી રે !

શું રે કો' છો, મારા સમરથ દાદા ?

શા કાજે બોલાવ્યા જી રે !

જાણતલ જોશીડો એમ કરી બોલ્યો,

દીકરો ને વહુ પધરાવો જી રે !

એમાં તે શું, મારા સમરથ દાદા !

પારકી જણીને પૂછી આવો જી રે.

બેટડો ધવરાવતાં વહુ રે વાઘેલી વહુ !

સાસુજી બોલાવે જી રે .

શું કો' છો, મારાં સમરથ સાસુ ?

શા કાજે બોલાવ્યાં જી રે !

જાણતલ જોશીડો એમ કરી બોલ્યો,

દીકરો ને વહુ પધરાવો જી રે !

એમાં તે શું, મારાં સમરથ સાસુ !

જે કે'શો તે કરશું જી રે !

ઊઠોને રે, મારા નાના દેરીડા !

મૈયર હું મળી આવું જી રે !

આઘેરાંક જાતાં જોશીડો મળિયો,

ક્યાં વાઘેલી વહુ ચાલ્યાં જી રે !

ખરે બપોરે મરવાનાં કીધાં,

મૈયર હું મળી આવું જી રે !

મરવાનાં હોય તો ભલે રે મરજો,

એનાં વખાણ નો હોયે જી રે !

ભાઇ રે જોશીડા ! વીર રે જોશીડા !

સંદેશો લઇ જાજે જી રે !

મારી માતાજીને એટલું કે'જે,

મોડીઓ ને ચૂંદડી લાવે જી રે !

ઊઠોને રે, મારાં સમરથ જેઠાણી !

ઊનાં પાણી મેલો જી રે

ઊઠોને રે, મારાં સમરથ દેરાણી !

માથાં અમરાં ગૂંથો જી રે.

ઊઠોને રે, મારા સમરથ દેરી !

વેલડિયું શણગારો જી રે.

ઊઠોને રે, મારાં સમરથ નણદી !

છેડાછેડી બાંધો જી રે.

ઊઠોને રે, મારાં સમરથ સસરા !

જાંગીનાં (ઢોલ) વગડાવો જી રે.

આવો આવો, મારા મનસંગ દીકરા !

છેલ્લાં ધાવણ ધાવો જી રે.

પૂતર જઇને પારણે પોઢાડ્યો,

નેણલે આંસુડાંની ધારું જી રે.

ઝાંઝ પખાજ ને જંતર વાગે,

દીકરો ને વહુ પધરાવે જી રે.

પાછું વળી જોજો, અભેસંગ દીકરા !

ઘોડલા કોણ ખેલવશે જી રે !

ઇ રે શું બોલ્યા, સમરથ બાપુ !

નાનો ભાઇ ખેલવશે જી રે.

પાછું વાળી જોજો, વહુ રે વાઘેલી વહુ !

પૂતર કોને ભળાવ્યા જી રે.

કોણ ધવરાવશે, કોણ રમાડશે,

કેમ કરી મોટા થાશે જી રે !

દેરાણી ધવરાવશે, નણદી રમાડશે,

જેઠાણી ઉઝેરશે જી રે !

પે'લે પગથિયે જઇ પગ દીધો,

પાતાળે પાણી ઝબક્યાં જી રે !

બીજે પગથિયે જઇ પગ દીધો,

કાંડાં તે બૂડ પાણી આવ્યાં જી રે !

ત્રીજે પગથિયે જઇ પગ દીધો,

કડ્ય કડ્ય સમાં નીર આવ્યાં જી રે !

ચોથે પગથિયે જઇ પગ દીધો,

છાતી સમાં નીર આવ્યાં જી રે !

પાંચમે પગથિયે જઇ પગ દીધો,

પરવશ પડિયા પ્રાણિયા જી રે !

એક હોંકારો દ્યો, રે અભેસંગ !

ગોઝારાં પાણી કોણ પીશે જી રે !

પીશે તે ચારણ, પીશે તે ભાત,

પીશે અભેસંગનો દાદો જી રે.

એક હોંકારો દ્યો, રે વાઘેલી વહુ !

ગોઝારાં પાની કોણ પીશે જી રે !

પીશે તે વાણિયાં, પીશે તે બ્રાહ્મણ,

પીશે વાળુભાનાં લોકો જી રે.

તરી છે ચૂંદડી ને તર્યો છે મોડીઓ,

તર્યાં અભેસંગનાં મોળીઆં જી રે !

ગાતાં ને વાતાં ઘરમાં આવ્યાં,

ઓરડા અણોસરા લાગે જી રે !

વા’લાં હતાં તેને ખોળે બેસાર્યાં,

દવલાંને પાતાળ પૂર્યાં જી રે !

## 26. તેજમલ

[શત્રુઓની ફોજ પોતાના રાજ્ય પર ચડી આવી છે, પણ પુત્રહીન વૃદ્ધ ઠાકોર સાત-સાત દીકરીઓ પણ આજ પોતાને વાંઝિયો સમજી, નિરુપાય બની રડે છે. ગામની રક્ષા કરનાર કોઇ નથી. ત્યાં તો બાપુની મૂંઝવણ દેખીને તેજમલ નામની દીકરી પુરુષવેશે શસ્ત્રો સજી, રણે ચડે છે. જે ફોજમાં પોતે મદદ આપવા જાય છે તેમાં ચતુરાઇ વડે પોતાના સ્ત્રીત્વનાં તમામ લક્ષણો સાથીઓથી છુપાવે છે અને વિજય કરી એ વીરાંગના ઘેરે આવે છે. સ્ત્રી-પુરુષના જુદા પડતા સ્વભાવનું આમાં લાક્ષણિક રમ્ય ચિત્ર છે.]

ઉગમણી ધરતીના, દાદા ! કોરા કાગળ આવ્યા રે,

ઇ રે કાગળ દાદે ડેલીએ વંચાવ્યા રે.

કાકો વાંચે ને દાદો રહ રહ રુવે રે,

ઉપરવાડેથી તેજમલ ડોકાણાં રે.

શીદને રુવો છો, દાદા ! શું છે અમને કો’ને રે.

દળ કટક આવ્યું, દીકરી ! વારે કોણ ચડશે રે ?

સાત-સાત દીકરીએ દાદો વાંઝિયો કે’વાણો રે.

હૈયે હિમ્મત રાખો, દાદા ! અમે વારે ચડશુંરે !

માથાનો અંબોડો, તેજમલ અછતો કેમ રે’શે રે?

માથાનો અંબોડો, દાદા ! મોળીડામાં રે'શે રે !

કાનના આકોટા, તેજમલ ! અછતા કેમ રે'શે રે ?

કાનના અકોટા, દાદા ! બોકાનામાં રે'શે રે !

હાથનાં ત્રાજવાં, તેજમલ ! અછતાં કેમ રે'શે રે ?

હાથનાં ત્રાજવાં, દાદા ! બાંયલડીમાં રે'શે રે !

પગનાં ત્રાજવાં, તેજમલ !અછતાં કેમ રે'શે રે ?

પગનાં ત્રાજવાં, દાદા ! મોજડિયુંમાં રે'શે રે !

દાંત રંગાવેલ, તેજમલ ! અછતા કેમ રે'શે રે ?

નાનાં હતાં ત્યારે મોસાળ ગ્યાં'તાં રે,

ખાંતીલા મામીએ દાંત રંગાવ્યા રે.

નાક વીંધાવેલ, તેજમલ !અછતા કેમ રે'શે રે?

અમારી માતાને અમે ખોટનાં હતાં રે,

નાનાં હતાં તે દિ' નાક વીંધાવ્યાં રે.

ચાલો, મારા સાથી ! આપણ સોનીહાટે જઇએ રે,

સોનીહાટે જઇને અસત્રી પારખીએ રે.

પુરુષ હશે તો એનાં બેરખડે મન મો'શે રે,

અસસ્ત્રી હશે તો એનાં ઝૂમણલે મન મો'શે રે.

સંધા સાથીડાએ ઝૂમણાં મૂલવિયાં રે,

તેજમલ ઠાકોરિયાએ બેરખા મૂલવિયાં રે.

ચાલો, મોરા સાથી ! આપણ વાણી હાટે જઇએ રે,

વાણી હાટે જઇને અસત્રી પારખીએ રે !

પુરુષ હશે તો એનાં પાઘડીએ મન મો'શે રે,

અસત્રી હશે તો એનાં ચૂંદડિયે મન મો'શે રે.

સંધા સાથીડાએ ચૂંદડિયું મૂલવિયું રે

તેજમલ ઠાકોરિયાએ મોળીડાં મૂલવિયું રે,

ચાલો, મારા સાથી ! આપણ સંઘેડા હાટે જઇએ રે,

સંઘેડા હાટે જઇને અસત્રી પારખીએ રે.

પુરુષ હશે તો એનાં ઢોલિયે મન મો’શે રે,

અસત્રી હશે તો એનાં ચૂડલે મન મો”શે રે.

સંધા સાથીડાએ ચૂડલા મૂલવિયા રે,

તેજમલ ઠાકોરિયાના ઢોલિયે મન મોયાં રે.

ચાલો, મારા સાથી !આપણ દરિયે ના’વા જાયેં રે !

દરિયા-કાંઠે જઇને અસત્રી પારખીએ રે,

પુરુષ હશે તો એ દરિયો ડો’ળી ના’શે રે.

અસત્રી હશે તો એ કાંઠે બેસી ના’શે રે.

સંધા સાથીડા તો કાંઠે બેસી ના’યા રે,

તેજમલ ઠાકોરિયા તો દરિયો ડો’ળી ના’યો રે.

ચાલો, મારા સાથી ! આપણ લશ્કરમાં જાયેં રે,

લશ્કરમાં જઇને અસત્રી પારખીએ રે,

પુરુષ હશે તો એ સામે પગલે ધાશે રે,

અસત્રી હશે તો એ પાછે પગલે ખસશે રે.

તેજમલ ઠાકોરિયો સામે પગલે ધાયો રે,

દળકટક વાળી તેજમલ ઘેરે પધાર્યા રે,

દાદે ને કાકે એને મોતીડે વધાવ્યાં રે.

## 27. લવિંગ કેરી લાકડીએ

[પતિ-પત્ની અરસપરસ આમોદ કરતાં કરતાં કલ્પનાની અંદર સંતાકૂકડીની રમત રમે છે.સ્વામી પોતાની પ્રિયતમાને હરકોઇ સ્થળે, ચાહે તે વેશમાં પણ પકડી પકડીને મીઠી ખીજ ઉપજાવવા મથે છે.]

લવિંગ કેરી લાકડીએ રામે સીતાને માર્યાં જો,

ફૂલ કેરે દડૂલિયે સીતાએ વેર વાળ્યાં જો !

રામ ! તમારે બોલડીએ હું નદીએ નાળું થઇશ જો;

તમે થશો જો નદીએ નાળું. હું ધોબીડો થઇશ જો !

રામ ! તમારે બોલડીએ હું પરઘેર દળવા જઇશ જો;

તમે જશો જો પરઘેર દળવા, હું ઘંટૂલો થઇશ જો!

રામ ! તમારે બોલડીએ હું પરઘેર ખાંડવા જઇશ જો;

તમે જશો જો પરઘેર ખાંડવા, હું સાંબેલું થઇશ જો !

રામ ! તમારે બોલડીએ હું રણની રોઝડી થઇશ જો;

તમે થશો જો રણની રોઝડી, હું સૂડલિયો થઇશ જો !

રામ ! તમારે બોલડીએ હું જળ-માછલડી થઇશ જો;

તમે થશો જો જળ-માછલડી, હું જળ-મોજું થઇશ જો !

રામ ! તમારે બોલડીએ હું બળીને ઢગલો થઇશ જો;

તમે થશો જો બળીને ઢગલો, હું ભભૂતિયો થઇશ જો !

## 28. ભવના અબોલા

[જિંદગીભર અબોલા લેનાર ધણીની સ્ત્રી ઘણાં ઘણાં મનામણાં કર્યાં પછી હારીને પિતા પાસે પોતાના દુ:ખની કથા પહોંચાડે છે.]

મેં તો ડુંગર કોરીને ઘર કર્યાં,

મેં તો કાચના કર્યાં કમાડ;

મોરી સૈયરું ! અબોલા ભવ રિયા

મેં તો અગર ચંડણના ચૂલા કોર્યા,

મેં તો ટોપરડે ભરિયા ઓબાળ.--- મોરી...

મેં તો દૂધનાં આંધણ મેલિયાં,

મેં તો ચોખલા ઓર્યા શેર......મોરી....

એક અદ્ધર સમળી સમસમે ,

બેની, મારો સંદેશો લઇ જા.-----મોરી....

મારા દાદાની ડેલીએ જઇ કે'જે,

તમારી દીકરીને પડિયાં છે દુ:ખ.---મોરી.....

દીકરી ! દુ:ખ રે હોય તો વેઠીએ,

દીકરી ! સુખ તો વેઠે છે સૌ. ---મોરી....

દાદા ! ખેતર હોય તો ખેડીએ,

ઓલ્યા ડુંગર ખેડ્યા કેમ જાય.---મોરી.....

દાદા ! કૂવો હોય તો તાગીએ,

ઓલ્યા સમદર તાગ્યા કેમ જાય.---મોરી....

દાદા ! ઢાંઢો રે હોય તો વેચીએ,

ઓલ્યો પરણ્યો વેચ્યો કેમ જાય.---મોરી....

દાદા !કાગળ હોય તો વાંચીએ,

ઓલ્યાં કરમ વાંચ્યાં કેમ જાય .---મોરી....

## ૨૯. બંગલો

અડવડ દડવડ નગારાં વાગે,

હર હર ગોમતી ગાજે રે, બંગલા ફક્કડ બનાયા.--- અડવડ....

વાણે ચડીને વીરે ઇંટું મંગાવી;

ઇંટુંના ઓરડા ચણાવો રે, બંગલા ફક્કડ બનાયા.---અડવડ...

વાણે ચડીને વીરે સોપારી મંગાવી;

સોપારીની પૂરણી પુરાવો રે, બંગલા ફક્કડ બનાયા.---અડવડ....

વાણે ચડીને વીરે કંકુ મંગાવ્યાં;

કંકુની ગાર્યું કરાવો રે, બંગલા ફક્કડ બનાયા.—અડવડ...

વાણે ચડીને વીરે લવિંગ મંગાવ્યાં;

લવિંગનાં જાળિયાં મેલાવો રે, બંગલા ફક્કડ બનાયા.—અડવડ....

વાણે ચડીને વીરે એળચી મંગાવી;

એળચીની બારિયું મેલાવો રે, બંગલા ફક્કડ બનાયા.--- અડવડ...

## 30. નૈ જાવા દઉં ચાકરી રે

આભમાં ઝીણી ઝબૂકે વીજળી રે

કે ઝીણા ઝરમર વરસે મેઘ,

ગુલાબી ! કેમ કરી જાશો ચાકરી રે !---આભમાં....

ભીંજાય હાથીને ભીંજાય ઘોડલાં રે,

કે ભીંજાય બેસતલ સૂબો,

ગુલાબી ! કેમ કરી જાશો ચાકરી રે ! --- આભમાં....

ભીંજાય મેડી ને ભીંજાય માળિયાં રે,

કે ભીંજાય મેડીને બેસતલ રાણી,

ગુલાબી ! કેમ કરી જાશો ચાકરી રે !---આભમાં....

તમને વા’લી દરબારી ચાકરીરે,

કે અમને વા’લો તમારો જીવ,

ગુલાબી ! નહીં જાવા દઉં ચાકરી રે !—આભમાં....

## 31. સૈયર, મેંદી લેશું રે !

[ઘરકામથી ત્રાસેલી વહુના અંતરની ગુપ્ત અવળચંડાઇના આ ચિત્રમાં સાસુએ જે કહ્યું હોય તેથી ઊલટું જ સમજવાની અવડત બતાવી છે. મેંદી લેવાની ક્રિયાનું પ્રારંભિક ચિત્ર મસ્તીભર્યું છે.]

મેંદી લેશું, મેંદી લેશું, મેંદી મોટાં ઝાડ,

એક હલાવું ડાળ ત્યારે ડાળાં હલે ચાર.

સૈયર ! મેંદી લેશું રે.

મારી સાસુએ એમ કહ્યું કે વાસીદાં વાળી મેલ્ય,

મેં ભોળીએ એમ જાણ્યું કે સાવરણી બાળી મેલ્ય.

સૈયર ! મેંદી લેશું રે.

મારી સાસુએ એમ કહ્યું કે પાણીડાં ભરી મેલ્ય,

મેં ભોળીએ એમ માન્યું કે બેડલાં ફોડી મેલ્ય.

સૈયર ! મેંદી લેશું રે.

મારી સાસુએ એમ કહ્યું કે રોટલા ઘડી મેલ્ય,

મેં ભોળીએ એમ માન્યું કે ચૂલા ખોદી મેલ્ય.

સૈયર ! મેંદી લેશું રે.

મારી સાસુએ એમ કહ્યું કે કોડમાં દીવો મેલ્ય,

મેં ભોળીએ એમ માન્યું કે સોડમાં દીવો મેલ્ય.

સૈયર! મેંદી લેશું રે.

## ૩૨. જોબનિયાને રાખો

[ટીપણી ટીપતાં મજૂરો ગાય છેઃ હે માનવીઓ ! જોબનિયું સાચવીને રખો. જીવતરના હુલ્લાસને વેડફો ના.]

જોબનિયું આજ આવ્યું ને કાલ્ય જાશે,

જોબનિયું કાલ્ય જાતું રે'શે !

જોબનિયાને માથાના અંબોડામાં રાખો,

જોબનિયું કાલ્ય જાતું રે'શે !

જોબનિયાને પાઘડીના આંટામાં રાખો,

જોબનિયું કાલ્ય જાતું રે'શે !

જોબનિયાને આંખ્યના ઉલાળામાં રાખો,

જોબનિયું કાલ્ય જાતું રે'શે!

જોબનિયાને હૈયાના હિલોળામાં રાખો,

જોબનિયું કાલ્ય જાતું રે'શે !

જોબનિયાને હાથની હથેળીમાં રાખો,

જોબનિયું કાલ્ય જાતું રે'શ !

જોબ્નિયાને ઘાઘરાના ઘેરમાં રાખો,

જોબનિયું કાલ્ય જાતું રે'શે !

જોબનિયાને પગ કેરી પાનીમાં રાખો,

જોબનિયું કાલ્ય જાતું રે'શે !

## ૩૩. ચાંદો ઊગ્યો ચોકમાં

[કોઇ પ્રેમિક ગોવાળ અરજણિયાને એની પરણેલી પ્રેમિકા ચેતવણી આપતી ને મોહ પામતી સંબોધી રહી છે.]

ચાંદો ઊગ્યો ચોકમાં, ઘાયલ ! ચાંદો ઊગ્યો ચોકમાં,

એ લેરીડા ! હરણ્યું આથમી રે હાલાર શે'રમાં અરજણિયા !

ઝાંપે તારી ઝૂંપડી ઘાયલ ! રે ઝાંપે તારી ઝૂંપડી,

એ લેરીડા ! આવતાં જાતાંનો નેડો લાગ્યો રે, અરજણિયા !

ભેસું તારી ભાલમાં, ઘાયલ ! રે ભેંસું તારી ભાલમાં.

એ લેરીડા ! પાડરું પાંચાળમાં ઝોલાં ખાય રે, અરજણિય !

ગાયું તારી ગોંદરે, ઘાયલ ! રે ગાયું તારી ગોંદરે,

એ લેરીડા ! વાછરું વઢિયારમાં ઝોલાં ખાય રે, અરજણિયા !

પાવો વગાડ્ય મા, ઘાયલ ! રે પાવો વગાદ્ય મા,

એ લેરીડા ! પાવો રે પરણેતર ઘરમાં સાંભળે રે, અરજણિયા !

ચીતું રે લગાડ્ય મા, ઘાયલ ! ચીતું લગાડ્ય મા,

એ લેરીડા ! ચીતું સાસુડી ઘરમાં સાંભળે રે અરજણિયા !

બખેયાળું (તારું) કડિયું, ઘાયલ ! રે બખિયાળું કડિયું,

એ લેરીડા ! તેદુનું છોડેલ અમારું ફળિયું રે, અરજણિયા !

ખાંભે તારે ખેસડો , ઘાયલ ! રે ખંભે તારે ખેસડો,

એ લેરીડા ! તેદુનો છાંડેલ અમારો નેસડો રે, અરજણિયા !

રૂપાળીને મોઇશ મા, ઘાયલ ! રે રૂપાળીને મોઇશ મા,

એ લેરીડા ! રૂપાળી બાવડાં બંધાવશે રે, અરજણિયા !

કુંવારેને મોઇશ મા, ઘાયલ ! રે કુંવારીને મોઇશ મા,

એ લેરીડા ! કુંવારી કોરટું દેખાડશે રે અરજણિયા !

ખોળામાં બાજરી, ઘયલ ! રે ખોળામાં બાજરી,

એ લેરીડા !લીલી લીંબડીએ લેવાય હાજરી રે, અરજનિયા !

ખોળામાં ખજૂર છે, ઘાયલ !રે ખોળામાં ખજૂર છે,

એ લેરીડા ! તારા જેવા મારે મજૂર છે રે, અરજણિયા !

પાવો વગાડ્ય મા, ઘાયલ ! રે પાવો વગાડ્ય મા,

એ સેલુડા ! પાવો સાંભળીને પ્રાણ વીંધાય રે, અરજણિયા !

તારે મારે ઠીક છે, ઘાયલ ! રે તારે મારે ઠીક છે,

એ લેરીડા ! ઠીક ને ઠેકાણે વે'લો આવજે રે, અરજણિયા !

લીલો સાહટિયો, ઘાયલ ! રે લીલો સાહટિયો,

એ લેરીડા ! લીલે રે સાહટિયે મોજું માણશું રે, અરજણિયા !

## 34. કાન ! તારી મોરલીએ

કાન ! તારી મોરલીએ જી રે, મારાં મન હેર્યાં,

સમી સાંજની જી રે, વજોગણ ક્યાં રે વાગી !

ગૂઢા રાગની જી રે, મોરલી ક્યાં રે વાગી !

મધરાતની જી રે, અભાગણી ક્યાં રે વાગી !

સરવા સાદની જી રે, મોરલી ક્યાં રે વાગી !

કાન! તારી મોરલીએ જી રે ગરબો ઘેલો કીધો -સમી સાંજની....

કાન ! તારી મોરલીએ જી રે સૈયરુંનો સાથ મેલ્યો. -સમી સાંજની....

કાન! તારી મોરલીએ જી રે મા ને બાપ મેલ્યાં -સમી સાંજની...

કાન ! તારી મોરલીએ જી રે રોતાં બાલ મેલ્યં -સમી સાંજની...

કાન ! તારી મોરલીએ જી રે કોઠીએ કણ ખૂટ્યાં - સમી સાંજની..

## 35. ઊભા રો', રંગ રસિયા !

સોના ઇંઢોણી રૂપા બેડલું રે

નાગર, ઊભા રો', રંગ રસિયા !

પાણીડાં ગઇ'તી તળાવ રે,

નાગર, ઊભા રો' રંગ રસિયા !

કાંઠે તે કાન ઘોડાં ખેલવે રે---નાગર...

કાન મુને ઘડુલો ચડાવ્ય રે ---નાગર...

તારો ઘડો તે, ગોરી, તો ચડે રે—નાગર....

તું જો મારા ઘરડાની નાર રે ---નાગર...

ફટ રે ગોઝારા ફટ પાપિયા રે ---નાગર....

તું છો મારો માડીજાયો વીર રે ---નાગર...

અરડી મરડીને ઘડો મેં ચડ્યો રે—નાગર....

તૂટી મારા કમખાની કસ રે –નાગર...

ભાઇ રે દરજીડા, વીરા ! વીનવું રે--નાગર...

ટાંક્ય મારા કમખાની કસ રે –નાગર....

કસે તે ટાંક્ય ઘમર ઘૂઘરી રે---નાગર...

હૈયે તે લખ્ય ઝીણા મોર રે –નાગર....

જાતાં વાગે તે ઘમાર ઘૂઘરી રે---નાગર

વળતાં ઝીંગારે નીલા મોર રે –નાગર....

## 36. મા તું  પાવાની પટરાણી

મા તું  પાવાની પટરાણી કે, કાળી કાળિકા રે લોલ.

મા તારો ડુંગરડે હે વાસ કે, ચડવું દોહ્યલું રે લોલ.

મા તારા મંડપની શોભાય કે, મુખથી શી કહું રે લોલ.

મા ત્યાં તપ કરતા દીઠા કે, વિશ્વામિત્ર ઋષિ રે લોલ.

મા તારા ડાબાજમણાં કુંડ કે, ગંગાજમના સરસ્વતી રે લોલ.

મા તારા કૂકડિયાં દશવીશ કે, કોઇ રણમાં ચઢે રે લોલ.

લીધાં ખડ્ગ ને ત્રિશૂલ કે, અસુરને મારિયો રે લોલ.

ફાટી ઉદર નીકળ્યાં બહાર કે, અસુરને હાથે હણ્યો રે લોલ.

આવી નોરતાંની નવરાત્ર કે, મા ગરબે રમે રે લોલ.

માએ છૂટા મેહેલ્યા કેશ કે, કૂદડી બહુ ફરે રે લોલ.

માજીએ સો સો સજ્યા શણગાર કે, રમિયાં રંગમાં રે લોલ.

ઓઢી અંબર કેરી જોડ કે, ચરણા ચૂંદડી રે લોલ.

માએ કરો કેસરની આડ કે, વચમાં ટીલડી રે લોલ.

સેંથે ભરિયો છે સિંદૂર કે, વેણ કાળી નાગણી રે લોલ.

માને દાંતે સોનાની રેખ કે, ટીલીની શોભા ઘણી રે લોલ.

પાયે ઝાંઝરનો ઝમકાર કે, વાગે ઘૂઘરા રે લોલ.

આવું રૂડું ચૌટું ચાંપાનેર કે, વચમાં ચોક છે રે લોલ.

ગરબો ગાયે છે વલ્લભ કે, સેવક માનો રહી રે લોલ.

માજી આપજો અવિચળ વાણ કે, બુદ્ધિ છે નહીં રે લોલ.

## 37. રંગતાળી

રંગતાળી, રંગતાળી રે રંગમાં રંગતાળી,

માંહે અત્રીસ બત્રીસ જાળી રે; રંગમાં રંગતાળી.

માથે કનક્નો ગરબો લીધો રે, રંગમાં રંગતાળી.

માંહે રતનનો દીવડો કીધો રે, રંગમાં રંગતાળી.

માની ઓઢણી કસુંબા ચોળે તે, રંગમાં રંગતાળી.

મા કરે કંકુડા ઘોળે રે; રંગમાં રંગતાળી.

માંહીં નાના તે વિધની ભાત રે ; રંગમાં રંગતાળી.

ભટ્ટ વલ્લભને જોયાની ખાંત રે; રંગમાં રંગતાળી.

## 38. ખમ્મા મારા નંદજીના લાલ

ખમ્મા મારા નંદજીના લાલ! મોરલી ક્યાં રે વજાડી ?

હું રે સુતી'તી મારા શયન  ભવનમાં,

સાંભળ્યો મેં મોરલીનો સાદ,

મોરલી ક્યાં રે વજાડી?—ખમ્મા !.....

ભર રે નીંદર્માંથી ઝબકીને જાગી,

ભૂલી ગઇ હું તો ભાન સાન,

મોરલી ક્યાં રે વજાડી ?—ખમ્મા !....

પાણીડાંની મશે જીવન જોવાને હાલી,

દીઠા મેં નંદજીના લાલ,

મોરલી ક્યાં રે વજાડી?—ખમ્મા !.....

દોણું લઇને ગૌ દોહવાને બેઠી,

નેતરાં લીધાં હાથ,

મોરલી ક્યાં રે વજાડી ?—ખમ્મા !.....

વાછરૂં વરાહે મેંતો છોકરાંને બાંધ્યાં,

નેતરાં લઇને હાથ, મોરલી ક્યાં રે વજાડી ?—ખમ્મા !....

## ૩૧. રંગલો જામ્યો કાલિંદીને ઘાટ...

રંગલો

અત્ર તત્ર અર્વત્ર કરે શુભ ગૌરી પુત્ર ગણેશ,

દુંદાળો ભીડભંજનો—સમરો શ્રી પ્રથમેશ.

સમરો શ્રી પ્રથમેશ આંખે આંજે મેશ,

પીતાંબરવેશ સજી નાચે કૃષ્ણકનૈયો.

બાજે ઝાંઝ અને પખવાજ  ત્રાંસાકાંસા,

બંસીના નાદે નાચે નંદનો છૈયો.

રંગલો જામ્યો કાલિંદીને ઘાટ,

ઓ રે છોગાળા તારા, ઓ રે છબીલા તારા;

ઓ રે રંગીલા, તારા રંગભેરુ જોવે તારી વાટ:

રંગલો જામ્યો કાલિંદીને ઘાટ.

હે હાલ્ય, હાલ્ય, હાલ્ય, વહી જાશે રાત વાટમાં ને

મારે માથે પડશે રે પરભાત.

ઓ રે છોગાળા તારા, ઓ રે છબીલા તારા,

ઓ રે રંગીલા, તારા  રંગભેરુ જોવે તારી વાટ:

રંગલો જામ્યો કાલિંદીને ઘાટ.

હે..... મેલ્ય મારા પાલવનો છેડલો મેલ,

ઓ રે છોગાળા હો છેલ, મન મારું ધડકે છે:

ઓ રે છોગાળા તારા, ઓ રે છબીલા તારા,

ઓ રે રંગીલા, તારા રંગભેરુ જોવે તારી વાટ:

રંગલો જામ્યો કાલિંદીને ઘાટ.

ઓ રે તું તો મારો વડલો, ને હું તારી વેલ,

તું મારો મોરલો, ને હું તારી ઢેલ, મન મારું ધડકે છે.

ઓ રે છોગાળા તારા, ઓ રે છબીલા તારા,

ઓ રે રંગીલા, તારા રંગભેરુ જોવે તારી વાટ:

રંગલો જામ્યો કાલિંદીને ઘાટ.

રંગ રંગીલા, મનના માન્યા, છેલ છબીલા,

ઓ રે ખેલ તારા, ખેલ મારા રંગ રંગીલા;

કે મન મારું ધડકે;

ઓ રે છોગાળા તારા, ઓ રે છબીલા તારા,

ઓ રે રંગીલા, તારા રંગભેરુ જોવે તારી વાટ;

રંગલો જામ્યો કાલિંદીને ઘાટ.

## 40. ગલાલ વહુ

ગલાલ વહુ ગરબે રમવા જાય, હોં કે ! હોં કે !

સાદ એમનો  સાકર જેવો,

આભે જઇ અફળાય. હોં કે ! હોં  કે !.....

હાથે શોભે બાજુબંધ ને

કનકતણો કંદોરો કેડે,

મુખે પાન તંબોળી ચાવે,

વરણાગી વીંછિયા વેઢે,

ઘુમ્મટો તાણી તાલી દેતાં

મુખલડું મલકાય. હોં કે ! હોં કે !.....

રાખી ન રહેતી લાજ લાખેણી

અંગે અંગે રંગ,

ગલાલ વહુનો ગરબો ચગતો

રમતાં સહિયર સંગે.

પહેર્યું પટોળું પાટણ કેરું

વહુનું રૂપ રેલાય. હોં કે ! હોં કે !.....

## 41. મા ગરબે ઘૂમવા આવોને

ચોખલિયાળી ચૂંદડી મા ગરબે ઘૂમવા આવોને,

રત રઢિયાળી  રાતમાં મા ગરબે ઘૂમવા આવોને.

સોળે શણગાર સોહે,

માડીમાં મ્હારું મન મોહે,

અનંતની ઓઢી ઓઢણિયું ગરબે ઘૂમવા આવોને.....

ગગન ગોખમાં ગરબે ઘૂમે તારલિયું રળિયાત,

સંગે શોભે નાથ સુધાકર પૂનમ કેરી  રાત :

ગરબે ઘૂમવા આવો ને....

ચોરે ને ચૌટે માનાં કંકુ વેરાણાં.

ગોખે ગોખે જ્યોતિ ઝબકે છાંટણાં છંટાણાં:

તાલી કેરી તાલે માડી, ગરબે ઘૂમવા આવોને.

## 42. છેલાજી રે ...

છેલાજી રે,

મારે હાટુ પાટણથી પટોળાં મોંઘાં લાવજો;

એમાં રૂડાં રે મોરલિયા ચિતરાવજો

પાટણથી પટોળાં મોંઘાં લાવજો—છેલાજી....

રંગ રતુંબલ કોર કસુંબલ,

પાલવ પ્રાણ બિછાવજો રે

પાટણથી પટોળાં મોંઘાં લાવજો---છેલાજી....

ઓલ્યા પાટણ શેરની રે, મારે થાવું પદમણી નાર,

ઓઢી અંગ પટોળું રે, એની રેલાવું રંગધાર;

હીરે મઢેલા ચૂડલાની જોડ મોંઘી મઢાવજો રે,

પાટણથી પટોળાં મોંઘાં લાવજો –છેલાજી.....

એલી રંગ નીતરતી રે, મને પામરી ગમતી રે,

એને પહેરતાં પગમાં રે, પાયલ છમછમતી રે;

નથણી લવિંગિયાં ને ઝૂમખાંમાં મોંઘાં મોતી મઢાવજો રે,

પાટણથી પટોળાં મોંઘાં લાવજો—છેલાજી....

## 43. છાનું રે છપનું

છાનું રે છપનું કંઇ થાય નહીં, થાય નહીં;

ઝમકે ના ઝાંઝર તો ઝાંઝર કહેવાય નહીં.

એક ઘાયલ ને પાયલ બે છૂપ્યાં છુપાય નહીં;

ઝાંઝરને સંતાડી રાખ્યું રખાય નહીં.

આંખ્યું બચાવીને આંખના રતનને,

પડદામાં રાખીને સાસુ નણંદને;

ચંપાતા ચરણોએ મળવું મળાય નહીં,

ઝમકે ના ઝાંઝર તો ઝાંઝર કહેવાય નહીં.

નણદી ને નેપૂર બે એવાં અનાડી,

વ્હાલા પણ વેરી થઇ ખાય મારી ચાડી;

આવેલા સપનાનો લ્હાવો લૂંટાય નહીં,

ઝમકે ના ઝાંઝર તો ઝાંઝર કહેવાય નહીં.

## 44. તાલીયોના તાલે

તાલીયોના તાલે

ગોરી ગરબે ઘૂમી ગાય રે,

પૂનમની રાત--- ઊગી પૂનમની રાત!

આસ્માની ચૂંદડીનાં લ્હેરણિયાં લ્હેરાય રે;

પૂનમની રાત—ઊગી પૂનમની રાત !

ગોરો ગોરો ચાંદલિયો,

દિલ ડોલાવે નાવલિયો,

કહેતી મનની વાત રે !

પૂનમની રાત—ઊગી પૂનમની રાત !

ઓરી ઓરી, આવ ગોરી, ઓરી ઓરી,

ચાંદલિયે હીંચોળી ત્હારા હૈયા કેરી દોરી,

રાતડી રળિયાત રે !

પૂનમની રાત ---ઊગી પૂનમની રાત !

ગરબે ઘૂમો, ગોરી, ગરબે ઘૂમો,

રૂમઝૂમો, ગોરી, રૂમઝૂમો,

રાસ રમે કેવો ચાંદલિયો, જમુનાજીને ઘાટ રે !

પૂનમની રાત---ઊગી પૂનમની રાત !

## 45. તને જાતાં જોઇ પનઘટની વાટે

હે તને જાતાં જોઇ પનઘટની વાટે

મારું મન મોહી ગયું;

હે તારા રૂપાળા ગોરા ગોરા ઘાટે

મારું મન મોહી ગયું હે...

કેડે કંદોરો ને કોટમાં દોરો,

તારા લહેરિયાની લાલ લાલ ભાતે

મારું મન મોહી ગયું હે...

બેડલું માથે ને મહેંદી ભરી હાથે,

તારી ગાગરની છલકાતી છાંટે

મારું મન મોહી ગયું હે...

રાસે રમતી, આંકને ગમતી,

પૂનમની રઢિયાળી રાતે

મારું મન મોહી ગયું હે.

## 46. નવી રે વહુના હાથમાં રૂમાલ!

મ્હાલા રે મ્હાલ, લ્હેરણિયું લાલ !

ઘમ્મર ઘમ્મર ચાલે રે ચાલ !

નવી રે વહુના હાથમાં રૂમાલ !

લપટી રે ચપટી દેતી રે તાલ,

શરમને શેરડે શોભતા રે ગાલ.

કાવડિયો ચાંલ્લો ચોઢ્યો રે ભાલ.

નવી રે વહુના હાથમાં રૂમાલ !

રાખે રાખે ને ઊડી જાય રે ઘુમટો,

પરખાઇ જાય એનો ફૂલ ગૂંથ્યો ફૂમટો;

કંઠે તે મ્હેંકતી મોગરાની માળ,

આંખ્ય આડે આવતા વિખરાયા વાળ.

નેણલેથી નીતરે વ્હાલમનું વ્હાલ.

નવી રે વહુના હાથમાં રૂમાલ !

એની પાંપણના પલકારા વીજળડીના ચમકારા,

એના રુદિયામાં રોજરોજ વાગે વ્હાલમના એકતારા.

હિલ્લોળે હાથ જાણે ડોલરની ડાળ,

બોલ બોલ તોલતી વાણી વાચાળ;

જલતી જોબનિયાની અંગે મશાલ!

નવી રે વહુના હાથમાં રૂમાલ !

## 47. કેસરિયો રંગ તને લાગ્યો રે

કેસરિયો રંગ તને,લાગ્યો અલ્યા ગરબા,

કેસરિયો રંગ તને લાગ્યો ર લોલ ! ટેક.

આસોના નવરાત્ર આવ્યા અલ્યા ગરબા,

આસોનાં નવરાત્ર આવ્યાં રે લોલ.

ઝીણી ઝીણી જાળિયાં મુકાવ્યાં રે લોલ !

ઝીણી ઝીણી જાળિયાં મુકાવ્યાં રે લોલ !

કંકુના સાથિયા પુરાવ્યા રે ગરબા,

કંકુના સાથિયા પુરાવ્યા રે લોલ.

કોને કોને માથે ઘુમ્યો અલ્યા ગરબા,

કોને કોને માથે ઘુમ્યો રે લોલ !

નાની નાની બેનડીના માથે રે ગરબો,

નાની નાની બેનડીના માથે રે લોલ.

કેસરિયો....

ઘૂમતો ઘૂમતો આવ્યો રે ગરબો,

ઘૂમતો આવ્યો રે લોલ.

હરતો ને ફરતો આવ્યો રે  આરાસુર,

હરતો ને ફરતો આવ્યો રે લોલ.

મા અંબાએ તને વધાવ્યો રે ગરબા,

અંબાએ તને વધાવ્યો રે લોલ...

કેસરિયો....

હરતો ને ફરતો આવ્યો પાવાગઢ (2)

મા કાલીએ તને વધાવ્યો  રે ગરબા (2)...કેસરિયો....

હરતો ને ફરતો આવ્યો માટેલ ગામ (2)

મા ખોડિયારે તને વધાવ્યો રે ગરબા (2)...કેસરિયો...

હરતો ને ફરતો આવ્યો શંખલપુર  (2)

મા બહુચરે તને વધાવ્યો રે રે ગરબા (2).....કેસરિયો...

હરતો ને ફરતો આવ્યો વાપી*  (2)

બાલમંડળે** તને વધાવ્યો રે ગરબા (2)...કેસરિયો....

કેસરિયો રંગ તને લાગ્યો રે ગરબા, કેસરિયો રંગ તને લાગ્યો રે લોલ.

*બીજા ગામનું નામ

**બીજા મંડળનુંનામ પણ મૂકી શકાય.

## 48. અંબા આવો તો રમીએ

અંબા આવો તો રમીએ, અમને રમતાં ના આવડે,

અમે રમીને બતલાવીએ.....

ચૂંદડીની જોડ છે, માંય મારો ભાગ છે.

મારી બોલાવી કેમ ન આવે,

એટલો મારો વાંક છે... બહુચર,

બહુચર આવે તો રમીએ, અમને રમતાં ના આવડે,

અમે રમીને બતલાવીએ....

કડલાની જોડ છે, માંય મારો ભાગ છે,

મારી બોલાવી કેમ ન આવે,

એટલો મારો વાંક છે.... ખોડિયાર...

ખોડિયાર આવે તો રમીએ, અમને રમતાં ના આવડે,

અમે રમીને બતલાવીએ.

નથણીની જોડ છે, માંય મારો ભાગ છે,

મારી બોલાવી કેમ ન આવે,

એટલો મારો વાંક છી....મહાકાળી....

મહાકાળી આવે તો રમીએ, અમને રમતાં ના આવડે,

અમે રમીને બતલાવીએ...

ઝાંઝરની જોડ છે, માંય મારો ભાગ છે,

મારી બોલાવી કેમ ન આવે,

એટલો મારો વાંક છે....ભદ્રકાળી...

ભદ્રકાળી આવે તો રમીએ, અમને રમતાં ના આવ્ડે,

અમે રમીને બતલાવીએ....

એરીંગની જોડ છે, માંય મારો ભાગ છે,

મારી બોલાવી કેમ ન આવે,

એટલો મારો વાંક છે... અંબા ,

અંબા આવે તો રમીએ, અમને રમતાં ના આવડે,

અમે રમીને બતલાવીએ....

## 49. મા પાવા તે ગઢથી ઊતર્યા

મા પાવા તે ગઢથી ઊતર્યા મહાકાળી રે....

મા ચાંપા તે નેરનાં ચાર ચૌટા મા કાળી રે....

જોશીડે માંડ્યા હાટ પાવાવાળી રે....

મારી અંબાને સોહાય પાવાવાળી રે....

મા ચાંપા તે નેરનાં ચાર ચૌટા મા કાળી રે(2)

માળીડે માંડ્યા હાટ પાવાવાળી રે....

માળીડો લાવે ફૂલડાં મા કાળી રે....

મારી બહુચરને સોહાય પાવાવાળી રે....

મા ચાંપા તે નેરનાં ચાર ચૌટા મા કાળી રે.(2)

કુંભારે માંડ્યા હાટ પાવાવાળી રે....

કુંભારો લાવે કોડિયાં મા કાળી રે.....

મારી આશાપુરીને સોહાય પાવાવાળી રે....

મા ચાંપા તે નેરનાં ચાર ચૌટા મા કાળી રે.(2)

સોનીડે માંડ્યા હાટ પાવાવાળી રે....

સોનીડો લાવે ચૂડલો મા કાળી રે....

મા કાલિકાને સોહાય પાવાવાળી રે....

મા ચાંપા તે નેરનાં ચાર ચૌટા મા કાળી રે.(2)

## 50. મહિસાગરની આરે

મારી મહિસાગરની આરે ઢોલ વાગે છે.

કોરસ-હે ઢોલીડા ઢોલ, ઢોલીડા ઢોલ, તારો વાગે છે.

સ્ત્રી--મારી મહિસાગરને આરે ઢોલ વાગે છે.

કોરસ--મારી મહિસાગરને આરે ઢોલ વાગે છે.

સ્ત્રી--મારી મહિસાગરની....

કોરસ--મારી મહિસાગરની.....

સ્ત્રી--વાગે છે ઢોલ, વાગે છે--(2)

કોરસ--મારી મહિસાગરને આરે ઢોલ વાગે છે.

સ્ત્રી--હે મારી મહિસાગરને આરે ઢોલ વાગે છે.

સ્ત્રી—ગામ ગામના કુંભારી આવે છે

કોરસ—ગામ ગામના કુંભારી આવે છે.

સ્ત્રી—આવે છે, શું લાવે છે.

કોરસ—આવે છે, શું લાવે છે

સ્ત્રી—રે માની માટલિયું લાવે છે—(2)

કોરસ—રે માની માટલિયું લાવે છે—(2)

પુરુષ—હે... મારી મહિસાગરને આરે ઢોલ વાગે છે.

પુરુષ—હો.... હો હો હો

કોરસ—હે મારી મહિસાગરને આરે ઢોલ વાગે છે.

સ્ત્રી—હા... હા... –ઢોલીડા

કોરસ—ગામ ગામના સુથારી આવે છે,

સ્ત્રી—ગામ ગામના સુથારી આવે છે.

કોરસ – આવે છે શું લાવે છે....

સ્ત્રી—આવે છે શું લાવે છે....

કોરસ—રે માની માંડવડી લાવે છે.(2)

સ્ત્રી—માની માંડવડી લાવે છે (2)

પુરુષ—હો... મારી મહિસાગરને આરે ઢોલ.(2)

સ્ત્રી—ગામ ગામના દોશીડા આવે છે,

કોરસ—ગામ ગામના દોશીડા આવે છે.

સ્ત્રી--- આવે છે શું લાવે છે .(2)

કોરસ—આવે છે શું લાવે છે.

સ્ત્રી—રે માની ચૂંદડીયું લાવે છે.

સ્ત્રી—રે માની ચૂંદડિયુંલાવે છે.

સ્ત્રી—રે માની ચૂંદડિયું લાવે છે.

પુરુષ—હે મારી મહિસાગરને આરે ઢોલ...(2)

સ્ત્રી—હે મહિસાગરને આરે ઢોલ....(2)

કોરસ- હે મારી મહિસાગરને આરે... (3)

## 51. રંગમાં રોળ્યાં,વાલમિયા

સોના વાટકડી રે કેસર ઘોળ્યાં, વાલમિયા,

લીલો છે રંગનો છોડ, રંગમાં તોળ્યાં, વાલમિયા.

પગ પરમાણે કડલાં સોંઇ, વાલમિયા,

કાંબિયુંની બબ્બે જોડ્ય, રંગમાં રોળ્યાં, વાલમિયા.

કેડ પરમાણે ઘાઘરો સોંઇ, વાલમિયા,

ઓઢણીની બબ્બે જોડ્ય, રંગમાં રોળ્યાં, વાલમિયા.

હાથ પરમાણે રે ચૂડલા સોંઇ, વાલમિયા,

ગૂજરીની બબ્બે જોડ્ય, રંગમાં રોળ્યાં, વાલમિયા.

ડોક પરમાણેરે ઝરમર સોંઇ, વાલમિયા,

તુળસીની બબ્બે જોડ્ય, રંગમાં રોળ્યાં, વાલમિયા.

કાન પરમાણે રે ઠોળિયાં સોંઇ, વાલમિયા,

વેળિયાંની બબ્બે જોડ્ય, રંગમાં રોળ્યાં, વાલમિયા.

નાક પરમાણે રે નથડી સોંઇ, વાલમિયા,

ટીલડીની બબ્બે જોડ્ય, રંગમાં રોળ્યાં, વાલમિયા

## 52. જનનીની જોડ !

જનનીની જોડ સખી ! નહિ જડે રે લોલ.

મીઠા મધુ ને મીઠા મેહુલા રે લોલ,

એથી મીઠી તે મોરી માત રે,

જનનીની જોડ જગે નહિ જડે રે લોલ !

પ્રભુના એ પ્રેમ તણી પૂતળી રે લોલ,

જગથી જુદેરી એની જાત જો...જનનીની...

અમીની ભરેલી એની આંખડી રે લોલ,

વ્હાલનાં ભરેલાં એનાં વેણ જો...જનનીની....

હાથ ગૂંથેલ એના હીરના રે લોલ,

હૈયું હેમંત કેરી હેલ જો... જનનીની....

દેવોને દૂધ એનાં દોહ્યલાં રે લોલ,

શશીએ સીંચેલ એની સોડ્ય જો... જનનીની....

જગનો આધાર એની આંગળી રે લોલ,

કાળજામાં કૈંક ભર્યા કોડ જો... જનનીની....

ચિત્તડું ચડેલ એનું ચાકડે રે લોલ,

પળના બાંધેલ એના પ્રાણ જો...જનનીની....

મૂંગી આશિષ ઉરે મરકતી રે લોલ,

લેતાં ન ખૂટે એની લ્હાણ જો... જનનીની....

ધરતીમાતાયે હશે ધ્રૂજતી રે લોલ,

અચળા અચૂક એક માય જો... જનનીની....

ગંગાનાં નીર તો વધે-ઘટે રે લોલ,

સરખો એ પ્રેમનો પ્રવાહ જો... જનનીની...

વરસે ઘડીક વ્યોમવાદળી રે લોલ,

માડીનો મેઘ બારે માસ જો...જનનીની....

ચળતી ચંદાની દીસે ચાંદની રે લોલ,

એનો નહિ આથમે ઉજાસ જો...

જનનીની જોડ સખી ! નહિ જડે રે લોલ.

## 53. મને કેરે કાંટો વાગ્યો

હાં કે રાજ ! વાવડીનાં પાણી ભરવા ગ્યાં'તા

મને કેર કાંટો વાગ્યો. હાં કે રાજ !

વડોદરાના વૈદડા તેડાવો !

મારા કાંટડિયા કઢાવો !

મને પાટડિયા બંધાવો !

મને કેરે કાંટો વાગ્યો. હાં કે રાજ !

ધોરાજીના ઢોલિયા મંગાવો !

માંહીં પાથરણાં પથરાવો !

આડા પડદલા બંધવો !

મને કેર કાંટો વાગ્યો. હાં કે રાજ !

ઘરમાંથી રાંધણિયાને કાઢો !

મારી ધુમાડે આંખ્યું દુખે !

મને કેર કાંટો વાગ્યો. હાં કે રાજ !

ઓશરિયેથી ખારણિયાને કાઢો!

મારા ધબકે ખંભા દુખે

મને કેર કાંટો વાગ્યો. હાં કે રજ !

આંગણિયેથી ગાવડલીને કાઢો !

એનાં વલોણાને સોતી

મને કેર કાંટો વાગ્યો. હાં કે રાજ !

સસરાજીને ચોવટ કરવા મેલો !

મને ઘૂંઘટડા કઢાવે !

મને કેર કાંટો વાગ્યો. હાં કે રાજ !

નણંદડીને સાસરિયે વળાવો !

એનાં છોરુડાંને સોતી !

મને કેર કાંટો વાગ્યો.

હાં કે રાજ ! ફળિયામાંથીપાડોશણને કાઢો !

એના રેંટિયાને સોતી !

મને કેર કાંટો વાગ્યો.

## 54. કાનકુંવરની ઝૂલડી

ધન્ય ગોકળિયું ધન્ય વનરાવન, ધન્ય ગોકળની નારી રે,

માતા જશોદા ધોવા ગ્યાં'તાં ઝૂલડી વિસારે;

કોઇને જડી હોય તો દેજો મારા કાનકુંવરની ઝૂલડી.

સાવ સોનાની ઝૂલડી, મહીં રૂપાના છે ધાગા,

અવર લોકને અરઘે નહિ મારા નંદકુંવરના વાઘા;

કોઇને જડી હોય તો દેજો મારા કાનકુંવરની ઝૂલડી.

શેરીએ શેરીએ સાદ પડાવું,ઘર ઘર હીંડું જોતી,

ઝૂલડીને છેડે મારા અમૃતસાચાં મોતી;

કોઇને જડી હોય તો દેજો મારા કાનકુંવરની ઝૂલડી.

ધમણ ધમાવું, ગોળા તપાવું, નારદને તેડાવું,

ઝૂલડીને કારણ એને તાતા સમ ખવરાવું;

કોઇને જડી હોય તો દેજો મારા કાનકુંવરની ઝૂલડી.

## 55. મારી શેરીએથી કાનકુંવર

મારી શેરીએથી કાન કુંવર આવતા રે લોલ,

મુખેથી મોરલી બજાવતા રે લોલ.

હું તો ઝબકીને જોવા નીસરી રે લોલ.

ઓઢ્યાનાં અંબર વીસરી રે લોલ.

હું તો પાણીડાંને મસે જોવા નીસરી રે લોલ.

ઇંઘોણી ને પાટલી વીસરી રે લોલ.

સાગ રે સીસમની મારી વેલડીરે લોલ,

નવલે સુતારે ઘડી પીંજણી રે લોલ.

મેં તો ધોળો ને ધમળો બે જોડિયા રે લોલ.

જઇને અમરાપરમાં છોડિયા રે લોલ.

અમરાપરના ચોકમાં દીવા બળે રે લોલ,

મેં તો જાણ્યું કે હરિ અહીં વસે રે લોલ.

મેં તો દૂધ ને સાકરનો શીરો કર્યો રે લોલ,

ત્રાંબાળુ ત્રાંસમાં ટાઢો કર્યો રે લોલ.

હું તો જમવા બેઠી ને જીવણ સાંભર્યા રે લોલ,

કંઠેથી કોળિયો ન ઊતર્યો રે લોલ.

મને કોઇ તો દેખાડો દીનાનાથને રે લોલ,

કોળિયો ભરાવું જમણા હાથનો રે લોલ.

હું ગોંદરે તે ગાવડી છોડતી રે લોલ,

ચારેય દૃશ્યે નજર ફેરતી રે લોલ.

એક છેટીથી છેલવરને દેખિયા રે લોલ,

હરિને દેખીને ઘૂંઘટ ખોલિયા રે લોલ.

મારી ઘેલી સાસુને ઘેલા સાસરા રે લોલ

ગાયું વરાંહે દોયાં વાછરાં રે લોલ.

મને ધાનડિયાં નથી ભાવતાં રેલોલ,

મોતડિયાં નથી આવતાં રે લોલ.

મને હીંચકતાં નવ તૂટ્યો હીંચકો રે લોલ,

નાનાંથી કાં ન પાયાં વખડાં રે લોલ.

મારી માતા તે મૂરખ માવડી રેલોલ,

ઉઝેરીને શીદ કરી આવડી રે લોલ.

## 56. સીતાને દરબાર

લીલી લીંબડી રે લીલો નાગરવેલનો છોડ,

આજ મારે આંગણે રે , પ્રભુજી, દાતણ કરવા જાવ.

દાતણ નહીં કરું રે, જાવું સીતાને દરબાર,

સીતા એકલાં રે, જુવે રામ-લક્ષ્મણની વાટ.

આજ મારે આંગણે રે, પ્રભુજી, નાવણ કરતા જાવ.

નાવણ નહીં કરું રે, જાવું દીતાને દરબાર.

સીતા એકલાં રે, જુવે રામ-લક્ષ્મણની વાટ.

આજ મારે આંગણે રે, પ્રભુજી, ભોજન કરતા જાવ

ભોજન નહીં કરું રે, કરશું સીતાને દરબાર

સીતા એકલાં રે, જુવે રામ-લક્ષ્મણની વાટ.

આજ મારે આંગણે રે, પ્રભુજી, મુખવાસ કરતા જાવ,

મુખવાસ નહીં કરું રે, કરશું સીતાને દરબાર,

સીતા એકલાં રે, જુવે રામ-લક્ષ્મણની વાટ.

આજ મારે આંગણે રે, પ્રભુજી, પોઢણ કરતા જાવ,

પોઢણ નહીં કરું રે, કરશું સીતાને દરબાર,

સીતા એકલાં રે, જુવે રામ-લક્ષ્મણની વાટ.

## 57. નહીં રે આવું

નંદલાલ, નહીં રે આવું ને ઘરે કામ છે

કામ છે કામ છે કામ છે, વા'લા—નંદલાલ....

સામે ઓરડિયે મારી સાસુ ને સાસરો

વચલે ઓરડિયે મારા શામ છે, વા'લા—નંદલાલ....

સાસુ ધુતારી મારી નણંદ હઠીલી

નાનો દેરીડો દીવાન છે, વા'લા—નંદલાલ....

આ કાંઠે ગંગા ને ઓલે કાંઠે જમના

વચળ ગોકલિયું ગામ છે, વા'લા—નંદલાલ....

ગાયુંના દુઝાણાં મારે ભેંશુ વલોણાં

છાશું તાણવાનાં ઘરે કામ છે, વા'લા—નંદલાલ....

સોના ઇંઢોણી મારું રૂપલાનું બેડું

ઘડૂલે ઘૂઘરમાળ છે, વા'લા

નંદલાલ નહીં રે આવું ને ઘરે કામ છે—નંદલાલ....

## 58. મોરલી ચાલી રૂસણે

મોરલી ચાલી રંગ રૂસણે રે

કોણ મનાવવા જાય, રંગ મોરલી

જાશે સસરો રાજિયા રે

વ્ળો વવારુ ઘેર રંગ મોરલી

તમારા વળ્યા નહીં વળે રે

તમારા મોભીના અવળા બોલ રંગ મોરલે

હાં હં ને હા હું તો મારા મૈયર જૈશ રંગ મોરલી

મોરલી ચાલી રંગ રૂસણે

કોણ મનાવવા જાય, રંગ મોરલી

જાશે તે જેઠજી રાજિયા રે

વળો વવારું ઘેર રંગ મોરલી

ત્મારા વળ્યા નહીં વળે રે

તમારા બેલીના અવળા બોલ રંગ મોરલી.

હં હં ને હા, હું તો મારા મૈયર જૈશ રંગ મોરલી

[સાસુ, નણંદ,દિયર વગેરેને કહેવું, પછી--]

જાશે તે પરણ્યો રાજિયા રે

વળ્યો, ગોરાંદે ઘેર રંગ મોરલી

હં હં ને હા હું તો મારા ઘેર જઇશ રંગ મોરલી

## 59. નદી કિનારે નાળિયેરી

સ્ત્રી—હે નદી કિનારે નાળિયેરી રે બાઇ નાળિયેરી રે (2)

પુરુષ—હો... હો...

સ્ત્રી—હે નદી કિનારે નાળિયેરી, બાઇ નાળિયેરી (2)

પુ—મારી અંબામાને કાજે, બાઇ નાળિયેરી રે (2)

સ્ત્રી— હે... નદી કિનારે નાળિયેરી રે, બાઇ નાળિયેરી રે (2)

પુ—હોવે હોવે...

સ્ત્રી—નદી કિનારે નાળિયેરી રે (2)

સ્ત્રી—હે પહેલું તો નાળિયેર બહુરંગી, બાઇ નાળિયેરી (2)

પુ—હે.... હે....

સ્ત્રી—પહેલું તો નાળિયેર....

પુ—હો.... રેમારી કાળકા માને કાજે, બાઇ નાળિયેરી રે (2)

સ્ત્રી—બીજું તો નાળિયેર બહુરંગી રે, બાઇ નાળિયેરી રે (2)

પુ—હો....

સ્ત્રી—હે બીજું તો નાળિયેર.....

પુ—હો મારી બહુચર માને કાજે, બાઇ નળિયેરી રે (2)

સ્ત્રી—હે નદી કિનારે નાળિયેરી રે બાઇ, નાળિયેરી રે (2)

પુ—હોવે,   હોવે,

સ્ત્રી—નદી કિનારે નાળિયેરી રે...

કોરસ-હો હો ... રે   હો હો ....

સ્ત્રી—ત્રીજું તે નાળિયેર ત્રિરંગી, બાઇ નાળિયેરી રે (2)

સ્ત્રી—હે.... ત્રીજું તે નાળિયેર....

પુ—હો,    હો. રે મારી ખોડિયાર માને કાજે, બાઇ નાળિયેરી રે (2)

સ્ત્રી—હે ચોથું તે નાળિયેર ચૌરંગી રે બાઇ, નાળિયેરી રે (2)

પુ—હે....  હે....

સ્ત્રી—ચોથું તે નાળિયેર.....

પુ—ઓ.... મારી ચેહર માને કાજે બાઇ, બાઇ નાળિયેરી (2)

## 60. બહુચર માના દહેરા પાછળ

બહુચર માના દહેરા પાછળ, કૂકડે કૂક બોલે,

ઓ કૂકડા તારી બોલી મને મીઠી મીઠી લાગે... બહુચર

બહુચર બહુચરનો શોર, ગગનમાં જે ગાજે,

ઓ કૂકડા તારી બોલી મને મીઠી મીઠી લાગે... બહુચર

ચુંવાળ ચોકે મસ્ત બનીને, માના નામે ડોલે,

ઓ કૂકડા તારી બોલી મને મીઠી મીઠી લાગે... બહુચર

ભક્ષ તારો કરવા કાજે, મોગલ સૈન્ય બોલ,

ઓ કૂકડા તારી બોલી મને મીઠી મીઠી લાગે... બહુચર

પાપીઓના હાથે ચઢ્યો, ત્યારે જીવ ચઢ્યો ચગડોળે,

ઓ કૂકડા તારી બોલી મને મીઠી મીઠી લાગે... બહુચર

મોગલોનું સૈન્ય ઘેરાયું, ત્યારે ઘેનમાં એ ઘોળે,

ઓ કૂકડા તારી બોલી મને મીઠી મીઠી લાગે... બહુચર

બહુચર માએ પરચો દીધો, પેટમાં તું બોલે.

ઓ કૂકડા તારી બોલી મને મીઠી મીઠી લાગે... બહુચર

બહુચર માએ પરચો દીધો, પેટમાં તું બોલે.

ઓ કૂકડા તારી બોલી મને મીઠી મીઠી લાગે... બહુચર

## 61. કાનો રમે છે મારી કેડમાં

નંદકુંવર નાનો રે, કા'નો રમે છે મારી કેડમાં,

ફૂલકુંવર, નંદકુંવર, નટવર નાનો રે,

ગેડીદડો કા'નાના હાથમાં.

કહોતો ગોરી ! ઘોઘાના ઘોડલા મંગાવી દઉં,

ઘોડલાનો હોરનાર રે કા'ન્નો રમે છે મારી કેડમાં.

કહો તો ગોરી ! હાલારી હાથીડા મંગાવી દઉં,

હાથીડાનો હોરનાર રે કા'નો રમે છે મારી કેદમાં

નંદકુંવર નાનો રે...

ખો તો ગોરી ! મારવાદની મોજડી મંગાવી દઉં,

મોજડીનો હોરનાર રે કા'નો રમે છે મારી કેડમાં.

નંદકુંવર નાનો રે.

નંદકુંવર નાનો રે, કા'નો રમે છે મારી કેડમાં,

ફૂલકુંવર, નંદકુંવર, નટવર નાનો રે,

## 62.રાજલ મારવાડી

હું તો ભુંભલા વીણવા ગઇ'તી રાજલ મારવાડી !

મને ઝેરી કાંટો વાગ્યો રે, રાજલ મારવાડી !

મારા સસરાને તેડાવો રે, રાજલ મારવાડી !

મારા સસરા વૈદ તેડાવે રે, રાજલ મારવાડી !

નૈ જીવું કેસરિયા લાલ ! કાંટો ઝેરી છે,

મારા જેઠને તેડાવો, લાગ ભાગ હું સોંપી દઉં.

મારા સસરા વૈદ તેડાવે રે, રાજલ મારવાડી !

નૈ જીવું કેસરિયા લાઅલ ! કાંતો ઝેરી છે.

મારા સાસુને તેડાવો, ઘરબાર સોપીં દઉં.

મારા સસરા વૈદ તેડાવે રે, રાજલ મારવાડી !

નૈ જીવું કેસરિયા લાલ ! કાંટો ઝેરી છે.

મારા શોક્યને તેડાવો, પરણ્યો સોંપી દઉં.

મારા શોક્ય વૈદ તેડાવે રે, રાજલ મારવાડી !

નૈ જીવું કેસરિયા લાલ ! કાંટો ઝેરી છે.

મારા પરણ્યાને તેડાવો રે, છોકરાં સોંપી દઉં.

મારા પરણ્યો વૈદ તેડાવે  કાંતો ઝેરી છે.

મારા પરણ્યાનો વૈદ સાચો રે, કાંટો કાઢ્યો છે.

જીવી-જીવી, કેસરિયા લાલ ! કાંટો કાઢ્યો છે.

મારા જેઠને પાછા વાળો રે, લાગ ભાગ માંગી લઉં,

જીવી—જીવી, કેસરિયા લાલ ! કાંટો કાઢ્યો છે.

મારી શોક્યને તેડાવો રે, સાયબો પાછો લઉં,

જીવી-જીવી, કેસરિયા લાલ ! કાંટો કાઢ્યો છે.

## 63. કાગળિયા લખી લખી થાકી

હું તો કાગળિયા લખી અખી થાકી
કાનુડા તારા મનમાં નથી.
એવા શિયાળાના ચાર ચાર મહિના આવ્યા,
મારા કાળજડા ઠરી ઠરી જાય રે,
પાતળિયા ! તારા મનમાં નથી... હું તો....
એવા ઉનાળાના ચાર ચાર મહિના આવ્યા,
મારા પાલવડા બળી બળી જાય રે,
છોગાળા તારા મનમાં નથી .... હું તો....
એવા ચોમાસાના ચાર ચાર મહિના આવ્યા,
મારી ચૂંદલડી ભીંજાઇ જાય રે,
છોગાળા ! તારા મનમાં નથી.... હું તો.....

## 64. મારે ટોડલે બેઠો

મારે ટોડલે બેઠો રે,
મોર ક્યાં બોલે,
મારાં હૈડાં હારોહાર,
મારાં દલડે લેરાલેર જાય,
જનાવર જીવતાં ઝાલ્યાં રે,
મોર ક્યાં બોલે.....

મારે ટોડલે બેઠો રે, મોર ક્યાં બોલે.

મારે કમખે બેઠો રે,
મોર ક્યાં બોલે
મારી ચુંદડી લેરાલેર,
જનાવર જીવતાં ઝાલ્યાં રે,
મોર ક્યાં બોલે...
મારે ટોડલે બેઠો રે, મોર ક્યાં બોલે.

મારા કડલે બેઠો રે,
મોર ક્યાં બોલે
મારી કાંબીયું લેરાલેર,
જનાવર જીવતાં ઝાલ્યાં રે,
મોર ક્યાં બોલે...
મારે ટોડલે બેઠો રે, મોર ક્યાં બોલે.

## 65. માનો ગરબો રે

માનો ગરબો રે રમે રાજને દરબાર
રમતો ભમતો રે આવ્યો કુંભારીને દ્વાર
એલી કુંભારીની નાર,
તું તો સુતી હોય તો જાગ
માને ગરબે રે રૂડાં કોડિયાં મેલાવ

માનો ગરબો રે રમે રાજને દરબાર
રમતો ભમતો રે આવ્યો સોનીડાને દ્વાર
એલી સોનીડાની નાર,
તું તો સુતી હોય તો જાગ

માને ગરબે રે રૂડાં જાળીયા મેલાવ

માનો ગરબો રે રમે રાજને દરબાર

રમતો ભમતો રે આવ્યો ઘાંચીડાને દ્વાર

એલી ઘાંચીડાની નાર,

તું તો સુતી હોય તો જાગ

માને ગરબે રે રૂડાં દિવેલીયા પુરાવ

માનો ગરબો રે રમે રાજને દરબાર

## 66. માં અંબા તે રમવા નીસર્યા

માં અંબા તે રમવા નીસર્યા દેવી અન્નપૂર્ણા,

મા શો લીધો શણગાર રે ... દેવી.

મા પાવાની પટરાણી રે ... દેવી.

મા દાતે લેવરાવ્યું દાણ રે ... દેવી.

મા લીલાવટ દીવડી શોભતી .. દેવી.

મા દામણી રત્નજડાવ રે .. દેવી.

મા કાને કનક ફૂલ શોભતા .. દેવી.

મા ઝાંઝારનો ઝણકાર રે .. દેવી.

મા કોટે તે પાટિયાં હેમના .. દેવી.

મા કંડીઓ રત્નજડાવ રે .. દેવી.

મા બાંયે બાજુબંધ બેરખાં .. દેવી.

માને દશે આંગળીએ વેઢ રે .. દેવી.

મા લીલા તે ગજનું કાપડું .. દેવી.

મા છાયલ રાતી કોર રે .. દેવી.

મા ફૂલઝરનો ઘાઘરો .. દેવી.

મા ઓઢણી કસુંબલ ઘાટ રે .. દેવી.

મા પગે તે કડલાં શોભતા .. દેવી.

મા કાંબીઓ રત્નજડાવ રે .. દેવી.

મા ગાય અને જે સાંભળે .. દેવી.

તેની અંબા પૂરે આશ રે .. દેવી.

ભટ્ટ વલ્લભ મા તાહરો .. દેવી.

મા જન્મોજનમનો દાસ રે .. દેવી.

## 67. તારા વિના શ્યામ મને ....

તારા વિના શ્યામ મને એકલડું લાગે,
રાસે રમવાને વ્હેલો આવજે,

ગરબે ઘુમતી ગોપીઓ, સૂની છે ગોકુળની શેરીઓ

સૂની સૂની શેરીઓમાં, ગોકુળની ગલીઓમાં

રાસે રમવાને વ્હેલો, આવ, આવ, આવજે - તારા વિના શ્યામ

શરદ પૂનમની રાતડી, ચાંદની ખીલી છે ઘણી ભાતની

તું ન આવે તો શ્યામ રાસ જામે ન શ્યામ

રાસે રમવાને વ્હેલો આવ, આવ, આવજે - તારા વિના શ્યામ

અંગે અંગ રંગ છે આનંદનો, રંગ કેમ જાય તારા સંગનો

પાયલ ઝણકાર સુણી, હૃદયનો નાદ સુણી,

રાસે રમવાને વ્હેલો આવ આવ આવજે, - તારા વિના શ્યામ

## 68. માએ ગરબો કોરાવ્યો ગગન ગોખમાં

હે માએ ગરબો કોરાવ્યો ગગન ગોખમાં રે

સજી સોળ રે શણગાર, મેલી દિવડા કેરી હાર

માએ ગરબો કોરાવ્યો ગગન ગોખમાં રે

સકળની લઈ માંડવી માથે ઘૂમતી મારી માત,

ચુંદલડીમાં ચમકે ગાજે રૂપલ મઢી રાત,

જોગ માયાને અંગ ગયો નીતરી ઉમંગ,

રમે જોગણીઓ સંગ

માએ પાથર્યો પરકાશ ચૌદ લોકમાં રે... હે માએ ગરબો

ચારે જુગનો ચુડલો માને સોળ કળાનો પાઘ

અંબાના અણસારા વિના હાલે નહી પાન

હે માના રૂપની નહીં જોડ, માને ગરબા કેરી હોડ

માને રમવાના બહુ કોડ

માએ ગરબો ચગાવ્યો ચાચર ચોકમાં રે ... હે માએ ગરબો

## 69. વિશ્વંભરી સ્તુતિ

વિશ્વંભરી અખિલ વિશ્વતણી જનેતા,

વિદ્યાધરી વદનમાં વસજે વિધાતા;

દુર્બુદ્ધિને દૂર કરીને સદ્ બુદ્ધિ આપો,

મામ્ પાહિ ૐ ભગવતી ભવદુ:ખ કાપો. (1)

ભૂલો પડી ભવ રણે ભટકું ભવાની !

સૂઝે નહીં લગીર કોઇ દિશા જવાની;

ભાસે ભયંકર વળી મનના ઉતાપો,

મામ્ પાહિ ૐ ભગવતી ભવદુ:ખ કાપો. (2)

આ રંકને ઉઅગરવાં નથી કોઇ આરો,

જન્માંધ છું જનની હું ગ્રહી બાળ તારો;

ના શું સુણો ભગવતી શિશુનાં વિલાપો,

મામ્ પાહિ ૐ ભગવતી ભવદુ:ખ કાપો.(3)

મા! કર્મ જન્મ કથની કરતાં વિચારઊં,

આ સૃષ્ટિમાં તુજ વિના નથી કોઇ મારૂં,

કોને કહું કઠણ યોગ તણો બળાપો

મામ્ પાહિ ૐ ભગવતી ભવદુ:ખ કાપો.(4)

હું કામ ક્રોધ મદ મોહ થકી છકેલો,

આડંબરે અતિ ઘણો મદથી બકેલો;

દોષો તમામ દૂર કરી, કરી માફ પાપો,

મામ્ પાહિ ૐ ભગવતી ભવદુ:ખ કાપો.(5)

ના શાસ્ત્રના શ્રવણનું પયપાન કીધું,

ના મંત્ર કે સ્તુતિ કથા નથી કાંઇ કીધું;

શ્રદ્ધા ધરી નથી કર્યા તવ નામ જાપો,

મામ્ પાહિ ૐ ભગવતી ભવદુ:ખ કાપો.(6)

રે, રે ભવાની ! બહુ ભૂલ થઇ જ મારી,

આ જિંદગી થઇમને અતિશય અકારી;

દોષો પ્રજળી સઘળા તવ છાપ છાપો,

મામ્ પાહિ ૐ ભગવતી ભવદુ:ખ કાપો.(7)

ખાલી ન કોઇ સ્થળ છે વિણ આપ ધારો,

બ્રહ્માંડમાં અણું અણું મહીં વાસ તારો;

શક્તિ ન માપ ગણવા અગણિત માપો,

મામ્ પાહિ ૐ ભગવતી ભવદુ:ખ કાપો.(8)

પાપે પ્રપંચ કરવા બધી રીતે પૂરો,

ખોટો ખરો ભગવતી પણ હું તમારો;

જાડ્યાંધકાર દૂર કરી, સદ્ બુદ્ધિ સ્થાપો,

મામ્ પાહિ ૐ ભગવતી ભવદુ:ખ કાપો.(9)

શીખે સુણે રસિક છંદ જ એક ચિત્તે,

તેના થકી ત્રિવિધ તાપ ટળે ખચિતે;

વાધે વિશેષ વળી જગદંબા તણા પ્રતાપો,

મામ્ પાહિ ૐ ભગવતી ભવદુ:ખ કાપો. (10)

શ્રી સદ્ ગુરુના શરણમાં રહીને યજું છું,

રાત્રિ દિને ભગવતી તુજને ભજું છું,

સદ્ ભક્ત સેવક તણા પરિતાપ ચાપો,

મામ્ પાહિ ૐ ભગવતી ભવદુ:ખ કાપો.(11)

અંતર વિષે અધિક ઉર્મિ થતાં ભવાની,

ગાઉં સ્તુતિ તવ બળે નમીને મૃડાની;

સંસારના સકળ રોગ સમૂળ કાપો,

મામ્ પાહિ ૐ ભગવતી ભવદુ:ખ કાપો.(12)

તારા સિવાય નથી જગમાં કોઇ મારૂં,

સાચા સગા ભગવતી તુજને સંભારું;

ભલું કદાચ ભવપાશ તણા પ્રસંગે,

માંગુ ક્ષમાથી ત્રિપુરેશ્વરી આ પ્રસંગે. (13)

જેની કૃપાથી ભવસિંધુ ગિરીરાજ ચડે અપંગે,

જેની કૃપાથી બહ્નસિંધુ તરે સુસંગે,

જેની કૃપાથી વિષ થાય સુધા સમાન,

એવા દયાળુ ભગવતી તુજને પ્રણામ. (14)

અંબા ભવાની જગદંબા કરો સહાય,

આરાસુરી મને સદા ભવ ભક્તિ થાય,

હસ્તે ત્રિશૂળ ધરીને અસુરો સંહાર્યા,

સંકટમાંથી નિજ સેવકને ઉગાર્યા. (15)

## 70. શ્રી અંબાજીની માતાજીની આરતી.

જય આદ્યા શક્તિ, મા જય આદ્યા શક્તિ, (2)

અખંડ બ્રહ્માંડ નીપજાવ્યાં (2) પડવે પ્રગટ્યાં ૐ મા જયો...

દ્વિતીયા બેઉ સ્વરૂપ, શિવ શક્તિજાણું, મા શિવ... (2)

બ્રહ્મા ગણપતિ ગાયે (2)હર ગાયે હર મા   ૐ જયો...

તૃતીયા ત્રણ સ્વરૂપત્રિભુવનમાં બેઠાં, મા. ત્રિભુવન...(2)

ત્રયા થકી તરવેણી (2) તું તરવેણી મા, ૐ જયો....

ચોથે ચતુરા મહાલક્ષ્મી, મા સચરાચર વ્યાપ્યાં, મા...(2)

ચાર ભુજા ચૌ- દિશા (2) પ્રગટ્યાં દક્ષિણમાં.. ૐ જયો...

પંચમી પંચ ઋષિ, પંચમી, ગુણ પદ્મા, મા પંચમી...(2)

પંચ તત્ત્વ ત્યાં સોહિયે (2)પંચે તત્ત્વો મા, ૐ જયો...

ષષ્ઠી તું નારાયણી, મહિષાસુર માર્યો, મા મહિષાસુર...(2)

નર નારીના રૂપે (2) વ્યાપ્યાં સઘળે મા  ૐ  જ્યો...

સપતમી સપ્ત પાતાળ, સંધ્યા સાવિત્રી મા, મા સંધ્યા... (2)

ગૌ, ગંગા, ગાયત્રી (2) ગૌરી ગીતા મા. ૐ જ્યો....

અષ્ટમી અષ્ટભુજા, આઇ આનંદા, મા આઇ...(2)

સુરનર મુનિવર જન્મ્યાં, (2) દેવો દૈત્યો મા.  ૐ જ્યો....

નવમી નવકુળ નાગ, સેવે નવદુર્ગા, મા સેવે... (2)

નવરાત્રીના પૂજન શિવરાત્રીના અર્ચન, કીધાં હર બ્રહ્મા, ૐ જયો...

દશમી દશ અવતાર, જય વિજ્યા દશમી, મા ૐ જયો....

રામે રામ રમાડ્યા (2)રાવણ રોળ્યો મા. ૐ જયો....

એકાદશી અગિયારસ, કાત્યાયની કા મા , મા કાત્યાયની... (2)

કામદુર્ગા કાલિકા (2) શ્યામા ને રામા. ૐ જયો....

બારસે બાળા રૂપ, બહુચરી અંબા મા, મા બહુચરી.... (2)

બટુક ભૈરવ સોહીએ, કાળ ભૈરવ સોહીએ, તારા છે તુજ મા. ૐએ જયો....

તેરસે તુળજા રૂપ, ચંડી ચામુંડા, મ ચંડી...(2)

ભ્ક્તિભાવ કાંઇ આપો, ચતુરાઇ કાંઇ આપો, સિંહવાહિનીમાતા.

ૐ જયો... જયો મા જગદંબે.

પુનમે કુંભ ભર્યો, સાંભળજો કરૂણા, મા સાંભળજો...(2)

વસિષ્ઠદેવે વખાણ્યાં, માર્કંડદેવે વખાણ્યાં, ગાઇ શુભ કવિતા....

ૐ જયો... જ્યો મા જગદંબે

સંવત સોળ સતાવન સોળસે બાવીસમાં, મા સોળસે... (2)

સંવત સોળે પ્રગટ્યાં (2) રેવાને તીરે, મા ગંગાને તીરે ૐ જયો...

ત્રંબાવટી નગરી, આઇ રૂપાવટી નગરી, મા મંછાવટી નગરી (2)મા....

સોળ સહસ્ત્ર ત્યાં સોહિયે (2) ક્ષમા કરો ગૌરી, અંબા દયા કરો ગૌરી.

ૐ જ્યો... જયો મા જગદંબે.

શિવશક્તિની આરતી ભાવે જે કોઇ ગાશે, મા જે કોઇ ગાશે(2)

ભણે શિવાનંદ સ્વામી (2) સુખ સંપત્તિ થાશે, હર કૈલાશે જાશે,

મા અંબા દુ:ખ હરશે, ૐ જયો... જયો મા જગદંબે.

શિવશક્તિને ભજતાં, અંતર નવધરશો, મા અંતર .....(2)

ૐ જ્યો... જયો મા જગદંબે.

ભાવ ન જાણું ભક્તિ ન જાણું, નવ જણું સેવા, મા નવ જાણું ...(2)

ભટ્ટ વલ્લભને રાખ્યં (2) ચરણે સેવા લેવા....

ૐ જયો.... જયો મા જગદંબે.

ચૂંદડી લાલ ગુલાલ, શોભા અતિ ભારી, મા શોભા.... (2)

આંગણ કુક્કડ નાચે (2)જય બહુચરવાળી....

ૐ જયો.... જયો મા જગદંબે.

**(બોલો શ્રી અંબે માતની જય)**

## લોકગીતોની લગની

ઝવેરચંદ મેઘાણીને લોકગીતોની લગની લગાડી પોરબંદર બાજુના બગવદરગામનાં એક ઢેલીબહેને 1924માં. એમને ઘેર આવેલા મેઘાણીને લોકગીતો સંભળાવવા ઢેલીબહેને એક પછી એક ગીતો પોતાના ગળામાંથી ઠાલવ્યાં અને મેઘાણી ટપકાવતા ગયા. તે રાતે મેઘાણીનાં લોકગીતોના સંશોધનનું

મંગલાચરણ થયું . પોતે ફરી કદી જેને દીઠાં નથી એવાં એ ઢેલીબહેનને મેઘાણીએ ‘મારા લોકગીતપ્રેમની પ્રાણની જનેતા’ ગણાવ્યાં છે . એ લોકગીતોનો પહેલો સંગ્રહ ‘રઢિયાળી રાત’ નામે 1926માં બહાર પડ્યો . 1942માં તેનો ચોથો ભાગ પ્રગટ થયો . લોકગીતોનો પરિચય આપવાની પ્રવૃત્તિનું નાનું બીજ ઊગીને મોટું વૃક્ષ બન્યું . પોતાના ગતયુગની આ કાલીઘેલી વાણીમાં ગુજરાતને રસ પડ્યો.

લોકગીતોનો જે વેળા લગભગ નાશ થઇ ચૂક્યો હતો તે વેળા એની શોધમાં નીકળેલા મેઘાણીએ ગામડાં ખૂંદ્યાં. કુટુંબોમાં પ્રવેશ મેળવ્યો. અહીં-તહીંથી છિન્નભિન્ન સ્વરૂપે ગીતો મળ્યાં તેના વેરણછેરણ ટુકડાઓના સાંધા જોડવા પ્રયાસ કર્યો . તેનું શુદ્ધ ગેય સ્વરૂપ ચોક્કસપણે મેળવ્યું . તેની અંદર જે કાવ્યતત્ત્વ અસલ પડ્યું હોવું જોઇએ તે તપાસવા પોતાની કવિતાની સમજ , તર્કશક્તિ, કલ્પના અને છેલ્લે પોતાની ચાતુરી પણ વાપરી. એ બધું કરી લીધા પછી બંધાયેલું જે અખંડિત સ્વરૂપ લાધ્યું તેને પોતાના સંગ્રહોમાં મૂક્યું.’રઢિયાળી રાત’ના ચાર ભાગને એક બૃહદ્ આવૃત્તિ 1997માં બહાર પડી તેમાં 602 લોકગીતો સંગ્રહિત થયાં છે.

દરમિયાન 75મી મેઘાણી જયંતિના અવસરે 1972માં ‘રઢિયાળી રાતના રાસ’ નામની 35 લોકગીતોની પુસ્તિકા બહાર પડી, તેની હજારો નકલોનો ફેલાવો થયો . એ પુસ્તિકાનું આ પુનર્મુદ્રણ નવી પેઢીની હજારો કન્યાઓને લોકગીતોની લગની લગાડશે.

સંપાદક: મહેન્દ્ર મેઘાણી